# પ્રતિક્રમણ

પ્રતિક્રમણ એટલે પાપથી પાછા ફરવું, પાપની આલોચના કરવી, અશુભ યોગમાંથી શુભ યોગમાં આવવું અને વ્રતોમાં લાગેલ અતિચારોથી એટલે કે દોષમાંથી પાછા ફરીને આવવાની ક્રિયા. પ્રતિક્રમણ એ આવશ્યક સૂત્રના છ અધ્યાયમાંનો એક છે પણ લૌકિક બોલચાલની ભાષામાં છ આવશ્યક સૂત્રની આખી ક્રિયાને પ્રતિક્રમણ કહેવામાં આવે છે.

જૈન ધર્મ પાળતાં બધાંએ રોજ બે વખત પ્રતિક્રમણ કરવું ઈચ્છનીય ગણાય છે. સવારના પ્રતિક્રમણને 'રાઈસી' પ્રતિક્રમણ કહેવાય છે. સાંજનું પ્રતિક્રમણ 'દેવસી' પ્રતિક્રમણ કહેવાય છે. આ ઉપરાંત ખાસ દિવસોના પ્રતિક્રમણ પણ હોય છે. જેમકે ચૌદસની તિથિએ કરવાનું પ્રતિક્રમણ પખ્ખી પ્રતિક્રમણ કહેવાય. ચાતુર્માસ શરૂ થાય ત્યારે, ચાતુર્માસ પૂરા થાય ત્યારે અને ફાગણ મહિનાની પહેલી ચૌદસ આ દિવસોના પ્રતિક્રમણને ચોમાસી પ્રતિક્રમણ કહેવાય. પણ સૌથી મહત્વનું પ્રતિક્રમણ પર્યુષણના છેલ્લા દિવસે કરવામાં આવતું પ્રતિક્રમણ છે અને તેને સંવત્સરી પ્રતિક્રમણ કહેવાય છે.

શ્રી બૃહદ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ, કામાણી વાડી, ચીરા બજાર, મુંબઈ - ૪૦૦૦૦૨ દ્વારા પ્રકાશિત પ્રતિક્રમણ આ પ્રમાણે છે: (આ વિશે વધુ માહિતી અને વિડિયો માટે જુઓ http://www.mahasangh.org/indexfrm2.html)

## પ્રતિક્રમણ કરવાની વિધિ

*પ્રતિક્રમણ શરૂ કરતાં પહેલા ઊભા થઈને સવિનયે પૂ. સાધુ સાધ્વીજીને અથવા તેઓની ગેરહાજરીમાં ઈશાન ખૂણામાં શ્રી સિમંધરસ્વામી ભગવાનને ત્રણ વખત વંદના કરીને પ્રતિક્રમણની આજ્ઞા માગવી. પછી નવકાર મંત્ર તથા તિક્ખુતોનો પાઠ બોલવો.*

*પછી 'સ્વામીનાથ પાપનું આલોચન, પ્રતિક્રમણની આજ્ઞા' એ પ્રમાણે કહીને પાઠ પહેલો 'ઇચ્છામિણં ભંતે' બોલીને પહેલા આવશ્યકની આજ્ઞા માંગવી.*

## પાઠ ૧ - ઇચ્છામિણં ભન્તે !

ઇચ્છામિણં - ઇચ્છું છું

ભન્તે ! - હે ભગવાન

તુબ્ભેહિં – આપની

અબ્ભણુણ્ણાએ – આજ્ઞા

સમાણે – થવાથી

દેવસિયં - દિવસ સંબંધી

પડિક્કમણં - પાપને નિવારણ કરવાને

ઠાએમિ - એક સ્થાને બેસું છું

દેવસિય - દિવસ સંબંધી

જ્ઞાન - જ્ઞાન

દર્શન – દર્શન

ચારિત્તાચરિતે - આવતાં કર્મને રોકવાં તે

તપ - પૂર્વ કર્મ ખપાવવાં તે

અઇયાર - લીધેલા વ્રતમાં દોષ લાગ્યો હોય તે

ચિંતવનાર્થ - વિચારવાને અર્થે

કરેમિ - કરું છું

કાઉસ્સગ્ગં - કાયાને સ્થિર રાખવી તે

*પછી 'કરેમિ ભંતેથી અપ્પાણં વોસિરામી' બોલવું.*
*અહીં બીજા આવશ્યકની આજ્ઞા લેવી*

## પાઠ ૨ - ઇચ્છામિઠામિ કાઉસ્સગ્ગં

ઇચ્છામિ - (હું) ઇચ્છું છું

ઠામિ - એક સ્થાને રહીને

કાઉસ્સગ્ગં - કાઉસગ્ગ (મન, વચન, કાયા સ્થિર રાખવી )

જો મે દેવસિયો - જે મેં દિવસ સંબંધી
અઇયારો – અતિચાર
કઓ - કર્યા હોય
કાઇઓ – કાયાથી
વાઇઓ – વચનથી
માણસિઓ – મનથી
ઉસ્સુત્તો - સૂત્ર વિરૂદ્ધ કર્યું હોય
ઉમ્મગ્ગો - સાચા જૈન માર્ગ વિરૂદ્ધ
અકપ્પો - કલ્પે નહિ (તેવું કામ કર્યું હોય)
અકરણિજ્જો – અકરણીય
દુજ્ઝાઓ - માઠું ધ્યાન ધર્યું હોય
દુવ્વિચિંતિઓ - માઠી ચિંતવણા કરી હોય
અણાયારો - નહિ આચરવા યોગ્ય
અણિચ્છિયવ્વો - નહિ ઇચ્છવા યોગ્ય
અસાવગ પાઉગ્ગો - શ્રાવકને નહિ કરવા યોગ્ય (કામ કર્યા હોય)
નાણે - જ્ઞાનને વિષે
તહ - તેમ જ
દંસણે - સમકિતને વિષે
ચરિત્તાચરિત્તે - શ્રાવકના દેશ વિરતિ ચારિત્રમાં
સુએ - સૂત્ર સિદ્ધાંતને વિષે
સામાઇએ – સામાયિકમાં
તિણ્હં - ત્રણ પ્રકારની
ગુત્તિણં - ગુપ્તિઓ (મન, વચન અને કાયા)
ચઊણ્હં - ચાર પ્રકારના
કસાયાણં - કષાય (ક્રોધ, માન, માયા અને લોભ)
પંચણહં - પાંચ પ્રકારના
મણુવ્વયાણં – અણુવ્રત
તિણ્હં ગુણવ્વયાણં - ત્રણ પ્રકારનાં ગુણ વ્રતો
ચઊણ્હં - ચાર પ્રકારના
સિકખાવયાણં – શિક્ષાવ્રત

બારસ - એ બાર

વિહસ્સ – પ્રકારના

સાવગ ધમ્મસ્સ - શ્રાવક ધર્મની

જં ખંડિઅં - જે કાંઈ ખંડના કરી હોય

તસ્સ મિચ્છામિ દુક્કડં - તે મારું પાપ મિથ્યા થાઓ.

*અહીં 'તસ્સ ઉત્તરી કરણેણં'નો આખો પાઠ કહેવો અને ત્યારબાદ ૯૯ અતિચારનો કાઉસગ્ગ કરવો (મનમાં બોલવું). જેમને ૯૯ અતિચાર ન આવડતા હોય તો તેઓ 'ચાર લોગસ્સ'નો કાઉસગ્ગ કરે અને નવકાર ગણીને કાઉસગ્ગ પાળે.*

૯૯ અતિચાર નીચે મુજબ છેઃ

(૧) જંવાઇધ્ધં (૨) વચ્ચામેલિયં (૩) હીણકખરં (૪) અચ્ચખરં (૫) પયહીણં (૬) વીણયહીણં (૭) જોગહીણં (૮) ઘોસહીણં (૯) સુટુદિન્નં (૧૦) દુટુપડિચ્છિયં (૧૧) અકાલે કઓ સજ્ઝાઓ (૧૨) કાલે ને કઓ સજ્ઝાઓ (૧૩) અસજ્ઝાએ સજ્ઝાયં (૧૪) અજ્ઝાએ ન સજ્ઝાયં (૧૫) શંકા (૧૬) કંખા (૧૭) વિતિગિચ્છા (૧૮) પરપાસંડ પરસંસા (૧૯) પરપાસંડ સંથવો (૨૦) બંધે (૨૧) વહે (૨૨) છવિચ્છએ (૨૩) અઈભારે (૨૪) ભત્તપાણ ગુચ્છાએ (૨૫) સહસાભકખાણે (૨૬) રહસાભકખાણે (૨૭) સદારમંતભેએ (૨૮) મોસોવએસે (૨૯) કુડલેહકરણે (૩૦) તેનાહડે (૩૧) તક્કરપઓગે (૩૨) વિરુદ્ધરજ્જાઈકકમે (૩૩) કુડતોલે-કુડમાણે (૩૪) તપ્પડિરૂવગવવહારે (૩૫) ઈત્તરિય પરિગ્ગહિયાગમણે (૩૬) અપ્પરિગ્ગહિયાગમણે (૩૭) અનંગકીડા (૩૮) પરવિવાહકરણે (૩૯) કામભોગેસુ તિવ્વાભિલાસા (૪૦) ખેતવત્થુ પમણાઈકકમે (૪૧) હિરણ્ણ સુવણ્ણ પમાણાઈકકમે (૪૨) ધન ધાન પમાણઈકકમે (૪૩) દુપદ ચઉપદ પમણાઈકકમે (૪૪) કુવિય પમાણાઈકકમે (૪૫) ઉઙ્ઢદિસિં પમાણાઈકકમે (૪૬) અહોદિસિ પમાણાઈકકમે (૪૭) તિરિયદિસિ પમાણઈકકમે (૪૮) ખેતવુઙ્ઢી સઈઅન્તરધાએ (૪૯) સચિત્તહારે (૫૦) સચિત્તપડિબધ્ધાહરે (૫૧) અપ્પોલિઓસહિ ભક્ખણયા (૫૨) દુપ્પોલિઓસહિ ભક્ખણયા (૫૩) તુચ્છોસહિ ભક્ખણયા (૫૪) ઈંગાલકમ્મે (૫૫) વણકમ્મે (૫૬) સાડીકમ્મે (૫૭) ભાડીકમ્મે (૫૮) ફોડીકમ્મે (૫૯) દંતવાણિજ્જે (૬૦) કેશવાણિજ્જે (૬૧) રસવાણિજ્જે (૬૨) લક્ખવાણિજ્જે (૬૩) વિસવાણિજ્જે (૬૪) જંતપીલ્લણકકમ્મે (૬૫) નિલંછણકમ્મે (૬૬) દવગ્ગિદાવણયા (૬૭) સરદહતલાગ (૬૮) પરિસોસણયા (૬૯) અસઈજણ પોસણયા (૭૦) કંદપ્પે (૭૧) કુકકુઈએ (૭૨) મોહરિએ (૭૩) સંજુતાહિગરણે (૭૪) ઉવભોગ પરિભોગ અઈરતે (૭૫) મણ દુપ્પણિહાણે (૭૬) વય દુપ્પણિહાણે (૭૭) કાય દુપ્પણિહાણે (૭૮) સામાઈયસ્સ સઈ અકરણયા (૭૯) સામાઈસ્સ અણવટ્ટી યસ્સકરણયા (૮૦) આણવણપ્પઓગે (૮૧) પેસવણપ્પઓગે (૮૨) સદ્દાણુવાએ (૮૩) રૂવાણુવાએ (૮૪) બહિયાપુગ્ગલપક્ખવે (૮૫) અપ્પડિલેહિયા દુપ્પડિક્લેહિયા સિજ્જા

સંથારાએ (૮૬) અપ્પમજ્જિય દુપ્પમજ્જિયંસિજ્જા સંથારાએ (૮૭) અપ્પડિલેહિયા દુપ્પડિલેહિયા ઉચ્ચાર પાસવણભુમી (૮૮) અપ્પમજ્જિય દુપ્પમજ્જિય ઉચ્ચાર પાસવણભુમી (૮૯) પોસહસ્સ સંમ્મ અણાણું પાલણયા (૯૦) સચિત્ત નિકંખેવણા (૯૧) સચિત્ત પેહણયા (૯૨) કાલાઈક્કમે (૯૩) પરોવએસે (૯૪) મચ્છરિયાએ (૯૫) ઇહલોગા સંસપઓગે (૯૬) પરલોગા સંસપઓગે (૯૭) જીવિયા સંસપઓગ્ગે (૯૮) મરણા સંસસપ્પઓગે (૯૯) કામભોગા સંસપ્પઓગે.

તસ્સ મિચ્છામિ દુક્કડં.

*(નવકારમંત્ર બોલીને કાઉસગ્ગ પાળવો.)*

*કાઉસગ્ગ પાળીને 'લોગસ્સ ઉજ્જોયગરે'નો આખો પાઠ બોલવો.*

## પાઠ ૩ - ઈચ્છામિ ખમાસમણો

ઈચ્છામિ - ઇચ્છું છું
ખમાસમણો - હે ક્ષમાવંત ગુરુદેવ !
વંદિઉં - વંદના કરવાને
જાવણિજ્જાએ - (શરીરની) શક્તિ પ્રમાણે
નિસીહિઆએ - શરીરને પાપ ક્રિયાથી હઠાવી
અણુજાણહ - અનુજ્ઞા - આજ્ઞા આપો
મેં મિ ઊગ્ગહં - મને મર્યાદામાં આવવાની
નિસીહિ - પાપ ક્રિયા રોકીને
અહોકાંય - આપનાં ચરણ કમલને
કાયસંફાંસં - મારી કાયાથી સ્પર્શ કરૂ છું
ખમણિજ્જો - ક્ષમા કરજો
ભે - હે પૂજ્ય ! આપને (મારા સ્પર્શથી)
કિલામો - બધા પીડા થઈ હોય તો
અપ્પકિલંતાણં - ગઈ છે કિલામના આપની
બહુ સુભેણં - ઘણા શુભયોગે-સમાધિ ભાવે
ભે - હે પૂજ્ય આપનો
દિવસો - દિવસ
વઈકકંતો - વહી ગયો

જત્તા ભે - જાત્રા રૂપ પૂજ્ય

જ્વણિજ્જં - મન તથા ઈંદ્રિયોની પીડાથી રહિત છો.

ચ - અને

ભે - હે પૂજ્ય હું આપની

ખામેમિ - ક્ષમા માગું છું

ખમાસમણો - હે ક્ષમાવંત ગુરૂદેવ

દેવસિયં - દિવસ સંબંધી

વઈકકમં - અપરાધ થયો હોય

આવસ્સિયાએ - આવશ્યક કરણી કરતાં થયેલા અતિચારથી

પડિકકમામિ - નિવર્તું છું

ખમાસમણાંણં - ક્ષમાવંત ગુરુદેવોની

દેવસિયાએ - દિવસ સંબંધી

આસાયણાએ - આશાતના વડે

તિત્તીસન્નયરાએ - તેત્રીશમાંથી કોઈ પણ

જંકિચિં - જે કાંઈ

મિચ્છાએ - મિથ્યાભાવે

મણ દુકકદડાએ - દુષ્ટ મનથી

વય દુકકદડાએ - દુષ્ટ વચનથી

કાય દુકકદડાએ - શરીરની દુષ્ટ ચેષ્ટાથી

કોહાએ - ક્રોધથી

માણાએ - માનથી

માયાએ - કપટથી

લોહાયે - લોભથી

સવ્વ કાલિયાએ - સર્વ કાળ સંબંધી

સવ્વ મિચ્છોવયારાએ - સર્વ પ્રકારના મિથ્યા આચરણ વડે

સવ્વ ધમ્માઈકકમણાએ - સર્વ પ્રકારના ધર્મનું ઉલ્લંઘન કરનારી

આસાયણાએ - આશાતના વડે

જો મે - જે મેં

દેવસિઓ - દિવસ સંબંધી

અઈયારો - અતિચાર

કઓ - કર્યા હોય

તસ્સ - તેને

ખમાસમણો ! હે ક્ષમાવંત ગુરૂદેવ

પડિક્કામામિ - નિવર્તું છું

નિંદામી - નિંદું છું

ગરિહામિ - ધિક્કારું છું

અપ્પાણં વોસિરામિ - આત્માને તે પાપથી દુર કરૂં છું

"સ્વામીનાથ ! સામાયિક એક, ચઉવ્વિસંથો બે, અને વંદના ત્રણ્ એ ત્રણે આવશ્યક પૂરા થયા તેને વિષે શ્રી વિતરાગ દેવની આજ્ઞામાં કાનો, માત્રા, મીંડું, પદ, અક્ષર, ગાથા સૂત્ર, ઓછું અધિક વિપરીત ભણાયું હોય તો અરિહંત અનંત સિદ્ધ કેવલી ભગવાનની શાખે તસ્સ મિચ્છામિ દુક્કડં."

*(અહીં ઊભા થઈને વંદના કરી "ચોથા આવશ્યક"ની આજ્ઞા માગવી.)*

## પાઠ ૪ - જ્ઞાન અને તેના અતિચારનો પાઠ

દિવસ સંબંધી જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપને વિષે જે અતિચાર લાગ્યા હોય તે આલોઉં છું

આગમે - સૂત્ર સિદ્ધાંત

તિવિહે - ત્રણ પ્રકારના

પન્નતે - કહ્યા છે

તં જહા - તે જેમ છે તેમ (કહું છું)

સુત્તાગમે - મૂળ સૂત્રરૂપ આગમ એટલે ૩૨ શાસ્ત્રો

અત્થાગમે - અર્થરૂપ આગમ અથવા થોકડા વિગેરે

તદુભયાગમે - સૂત્ર અને અર્થરૂપ શાસ્ત્ર

જંવાઈધ્ધં - જે સૂત્ર આઘા પાછાં ભણાયાં હોય

વચ્ચામેલઅં - ધ્યાન વિના સુત્રો ભણાયાં હોય

હીણંકખરં - અક્ષરો ઓછા ભણાયાં હોય

અચ્ચક્ખરં - અક્ષરો અધિક ભણાયાં હોય

પયહીણં - પદ ઓછું ભણાયું હોય

વિણયહીણં - વિનય રહિત ભણાયું હોય

જોગહીણં - મન, વચન અને કાયાના અસ્થિર યોગે ભણાયું હોય

ઘોસહીણં - શુદ્ધ ઉચ્ચાર વિના ભણાયું હોય

સુઠુદિન્નં - રૂડું જ્ઞાન અવિનીતને દીધું હોય

દુઠુપડિચ્છિયં - અવિનીતપણે જ્ઞાન લીધું હોય

અકાલે કઓસજ્ઝાઓ - અકાળે સજ્ઝાય કરી હોય

કાલે ન કઓ સજ્ઝાઓ - સજ્ઝાય કરવાને વખતે સજ્ઝાય ન કરી હોય

અસજ્ઝાઇએ સજ્ઝાયં - સજ્ઝાય ન કરવા યોગ્ય સ્થળે સજ્ઝાય કરી હોય

સજ્ઝાઇએ ન સજ્ઝાયં - સજ્ઝાય કરવા યોગ્ય સ્થળે સજ્ઝાય કરી ન હોય

એમ ભણતાં ગણતાં, ચિંતવતાં ચૌદે પ્રકારે કોઈ પાપદોષ લાગ્યા હોય તો અરિહંત, અનંતા સિદ્ધ ભગવાનની શાખે તસ્સ મિચ્છામિ દુક્કડં.

## પાઠ ૫ - સમકિત અને તેના અતિચારનો પાઠ

દંસણ સમકિત - સાચા દેવ, ગુરુ, ધર્મ ઉપર શ્રદ્ધા રાખવી તે

પરમત્થ - પરમ સત્ય

સંથવો - પરિચય કરવો

વા - અને, અથવા

સુદિટ્ઠ - ભલી દ્રષ્ટિથી જોયા છે (એવા)

પરમત્થ - પરમ સત્ય

સેવણા - સેવા કરવી, સંગ કરવો

વા વિ - અને વળી

વાવન્ન - સમકિત પામીને તેનાથી ખસી ગયા હોય તેવા

કુંદસણ વજ્જણા - ખોટા માર્ગનો (૩૬૩ પાંખડીઓનો) પાપ કરીને ધર્મ માનનારાઓનો ત્યાગ કરવો

સમ્મત સદહણા - એ સમકિતવંતની શ્રદ્ધા

એવા સમકિતના - એવા સમકિત જીવ

સમણોવાસએણં - સાધુ સેવનાર શ્રાવકને

સમ્મત્તસ્સ - સમકિતના

પંચ અઈયારા - પાંચ અતિચાર

પેયાલા - મોટા પાતાળ કળશ સમાન

જાણિયવ્વા - જાણવા યોગ્ય

ન સમાયરિયવ્વા - (પણ) આચારવા નહીં
તં જહા - જેમ છે તેમ
તે આલોઉં - તે કહું છું
સંકા - સમકિતના વિષે શંકા રાખે
કંખા - મિથ્યાત્વીના મતની ઈચ્છા કરવી તે
વિતિગિચ્છા - કરણીના ફળનો સંદેહ આણે
પરપાસંડ પરસંસા - બીજા પાખંડીના મતના વખાણ કર્યા હોય
પરપાસંડ સંથવો - બીજા પાખંડીનો સમાગમ કર્યો હોય

એ પાંચ અતિચારમાં કોઈ અતિચાર લાગ્યો હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં.

## પાઠ ૬ - પહેલું અણુવ્રત

પહેલું - પહેલું
અણુવ્રત - નાનું વ્રત
થુલાઓ - મોટા
પાણાઈવાયાઓ - પ્રાણોના વ્યતિપાત - હિંસાથી
વેરમણં - નિવર્તું છું
ત્રસ જીવ - હાલતા ચાલતા જીવો (જેવા કે)
બે ઈન્દ્રિય - બે ઈંદ્રિયવાળા
તેઈંદ્રિય - ત્રણ ઈંદ્રિયવાળા
ચઊરિંદ્રિય - ચાર ઈંદ્રિયવાળા
પંચેન્દ્રિય - પાંચ ઈંદ્રિયવાળા
જીવ - જીવોને
જાણી પ્રીછી - જ્ઞાનથી જાણીને ઓળખીને
સ્વ સંબંધી - પોતાના તથા સંબંધીના
શરીર માંહેલા પીડાકારી - શરીર માંહેલા પીડા ઉપજાવે તેવા
સ અપરાધી - પોતાનો અપરાધ કર્યો તેવા (પણ)
વિગલેંદ્રિય વિના - બે ત્રણ ચાર ઈંદ્રિયવાળા જીવો તથા બાળક-ગાંડા વગેરે, જ્ઞાન ભાન વિનાના જીવો સિવાય, બાકીના ત્રસ જીવોને
આકુટ્ટિ - જાણી જોઈને ઈરાદાપૂર્વક

હણવા નિમિત્તે - હણવાની બુદ્ધિએ

હણવાના પચ્ચક્ખાણ - મારી નાખવાની બંધી

તથા સુક્ષ્મ એકેંદ્રિય - પણ હણવાના પચ્ચકખાણ

જાવજ્જીવાએ - જીવું ત્યાં સુધી

દુ વિહં - બે કરણે

તિ વિહેણં - ત્રણ જોગે કરી

ન કરેમિ - હું પોતે હિંસા કરું નહી

ન કારવેમિ - અને બીજા પાસે કરાવું નહી

મણસા - મને કરી

વયસા - વચને કરી

કાયસા - કાયાએ કરી

એહવા પહેલા - એવા પહેલા

થૂલ પ્રાણાતિપાત - મોટા જીવની હિંસાથી

વેરમણં વ્રતના - નિવર્તવાના વ્રતના

પંચ અઈયારો - પાંચ અતિચાર

પેયાલા - પાતાળ કળશ સમાન મોટા

જાણિઅયવ્વા - જાણવા યોગ્ય (પણ)

ન સમાયરિયવ્વા - આચરવા યોગ્ય નહી

તં જહા - તે જેમ છે તેમ

તે આલોઉં - કહું છું

બંધે - ત્રણ જીવને ગાઢે બંધને બાંધ્યા હોય

વહે - ત્રસ જીવને લાકડી પ્રમુખના પ્રહાર કર્યા હોય

છવિચ્છેએ - નાક, કાન, આસિ અવયવો છેદ્યાં હોય

અઈ ભારે - ગજા ઉપરાંત ભાર ભર્યો હોય

ભત્તપાણ વોચ્છેએ - દ્વેષ બુદ્ધિથી ભોજન પાણીની અંતરાય પાડી હોય

તસ્સ મિચ્છામિ દુક્કડં - તે મારું પાપ મિથ્યા થાઓ

## પાઠ ૭ - બીજું અણુવ્રત

બીજું અણુવ્રત - બીજું નાનું વ્રત

થુલાઓ મુસાવાયાઓ - મોટું જૂઠું બોલવાથી

વેરમણં - નિવર્તું છું

કન્નાલિક - કન્યા સંબંધી જુઠ

ગોવાલિક - ગાય ભેંસ વગેરે પશુ સંબંધી જુઠ

ભોમાલિક - જમીન સંબંધી જુઠ

થાપણમોસો - થાપણ ઓળવવા સંબંધી જુઠ

મોટકી કુડી સાખ - મોટી ખોટી સાક્ષી આપવા સંબંધી જુઠ

ઈત્યાદિ - એ વગેરે

મોટકું - મોટું

જૂઠું - જૂઠું

બોલવાના પચ્ચક્ખાણ - બોલવાની બંધી

જાવજ્જીવાએ - જ્યાં સુધી જીવું ત્યાં સુધી

દુવિહં - બે કરણે

તિવિહેણ - ત્રણ જોગે

ન કરેમિ - હું કરું નહી

ન કારવેમિ - (બીજા પાસે) કરાવું નહીં

મણસા - મને કરી

વયસા - વચને કરી

કાયસા - કાયાએ કરી

એવા બીજા થુલ - મોટા

ભુષાવાદ - જૂઠું બોલવાનું

વેરમણં - તજવાના

વ્રતના - વ્રતના

પંચ અઈયારો - પાંચ અતિચાર

જાણિયવ્વા - જાણવા જેવા

ન સમાયરિયવ્વા - (પણ) આચરવા જેવા નહીં

તંજ્હા - તે જેમ છે તેમ

તે આલોઉં - કહું છું

સહસા ભક્ખણે - ધ્રાસકો પડે એવું બોલાયું હોય

રહસ્સા ભક્ખણે - કોઈની છાની વાત ઊઘાડી કરી હોય

સદારમંતભેએ - પોતાની સ્ત્રીના મર્મ ઊઘાડા કર્યા હોય

મોસાવએએ - ખોટો ઉપદેશ કર્યા હોય
કૂડલેહકરણે - ખોટા લેખ લખ્યા હોય
તસ્સ મિચ્છામિ દુક્કડં - તે મારું પાપ મિથ્યા થાઓ.

## પાઠ ૮ - ત્રીજું અણુવ્રત

ત્રીજું અણુવ્રત - ત્રીજું અણુવ્રત
થૂલાઓ - મોટું
અદિન્નાદાણાઓ - અણ દીધેલું લેવાથી એટલે ચોરી કરવાથી
વેરમણં - નિવર્તું છું
ખાતર ખણી - ખાતર ખોદીને
ગાંઠડી છોડી - કોઈની ગાંસડી છોડી
તાળું પર કુંચીએ કરી - કોઈનું તાળું બીજી કુંચીએ ઉઘાડીને
પડી વસ્તુ ધણીયાની જાણી - કોઈ પડેલી વસ્તુ તેનો કોઈ ધણી છે એમ જાણ્યાં છતાં લેવી
ઈત્યાદિ - એ વગેરે બીજી
મોટકું અદતાદાન લેવાનાં પચ્ચક્ખાણ - મોટી કોઈની ચીજ રજા વગર લેવાની બંધી (તેમાં એટલો આગાર કે) સગાં સંબંધી તથા વ્યાપાર સંબંધી, નિભરમી વસ્તુ ઉપરાંત - ભ્રમ વિનાની વસ્તુ એટલે એવી હલ્કી કે જે લેતાં કોઈ ચોર ઠરાવે કે ઠપકો આપે નહિ તે સિવાય બીજી બધી વસ્તુઓ

અદત્તદાન લેવાનાં પચ્ચક્ખાણ - આપ્યા વગર લેવાની એટલે ચોરી કરવાની બંધી
જાવજ્જીવાએ - જ્યાં સુધી જીવું ત્યાં સુધી
દુવિહં - બે કરણે કરી
તિવિહેણં - ત્રણ જોગે કરી
ન કરેમિ - હું પોતે ચોરી કરું નહી
ન કારવે મિ - બીજા પાસે કરાવું નહી
મનસા - મને કરી
વયસા - વચને કરી
કાયસા - કાયાએ કરી
એવા ત્રીજા થુલ - એવા ત્રીજા મોટા
અદત્તાદાન - ચોરી કરવાનું
વેરમણં વ્રતના - તજવાના વ્રતના

પંચ - પાંચ
અઈયારા - અતિચાર
જાણિયવ્વા - જાણવા
ન સમાયરિયવ્વા - પણ આચરવા નહિ
તં જહા - તે જેમ છે તેમ
તે આલોઉં - કહું છું
તેન્નાહડે - ચોરાઉ વસ્તુ લીધી હોય
તક્કરપ્પઓગે - ચોરને મદદ આપી હોય
વિરૂધ્ધરજ્જાઈક્કમ્મે - રાજ્ય વિરુદ્ધ કામ કીધું હોય એટલે દાણચોરી વગેરે રાજાએ મનાઈ કરેલા ગુના કીધા હોય
કુડતોલે - ખોટું તોળ્યું હોય
કુડમાણે - ખોટું માપ્યું હોય, ભર્યું હોય
તપ્પડિરુવગવવહારે - સારી વસ્તુ દેખાડી નરસી આપી હોય
તસ્સ મિચ્છામિ દુક્કડં - તે મારું પાપ મિથ્યા થાઓ.

## પાઠ ૯ - ચોથું અણુવ્રત

ચોથું અણુવ્રત - અણુવ્રત
થૂલાઓ - મોટું
મેહુણાઓ - મૈથુન સેવવાથી
વેરમણં - નિવર્તું છું
સદાર - પોતાની સ્ત્રીથી જ
સંતોસિએ - સંતોષ રખવો
અવસેસં - તે સિવાય બીજી કોઈ સાથે
મેહુણવિહંના - મૈથુન સેવવાની
પચ્ચકખાણ - બંધી
(અને સ્ત્રીને સભરથાર સંતોસિએ અવસેસં મેહુણ સેવવાનાં પચ્ચક્ખાણ)
અને જે સ્ત્રી-પુરુષને મૂળથકી કાયાએ કરી મેહુણ સેવવાનાં પચ્ચક્ખાણ હોય તેને દેવતા મનુષ્ય તિર્યંચ સંબંધી મેહુણના પચ્ચક્ખાણ

જાવજ્જીવાએ - જ્યાં સુધી જીવું ત્યાં સુધી

દેવતા સંબંધી - તેમાં દેવતાની સાથે

દુવિહં - બે કરણે

તિવિહેણં - ત્રણ જોગે

ન કરેમિ - એ કામ કરું નહી

ન કારવે મિ - બીજા પાસે કરાવું નહી

મણસા - મને કરી

વયસા - વચને કરી

કાયસા - કાયાએ કરી

અને મનુષ્ય તિર્યરાં સંબંધી - અને માણસ તથા પશુ વિગેરેની સાથે

એગવિંદ - એક કરણે

એગવિહેણં - એક જોગે

ન કરેમિ - એ કામ કરું નહી

કાયસા - કાયાએ કરી

એવા ચોથા થુલ - મોટા

મેહુણ - મૈથુન

વેરમણવ્રતના - ત્યાગ કરવાના વ્રતના

પંચ અઈયારા - પાંચ અતિચાર

જાણિયવ્વા - જાણવા જેવા

ન સમાયરિયવ્વા - પણ આચરવા જેવા નહિ

તંજ્હા - તે જેમ છે તેમ

તે આલોઉ - તે કહું છું

ઈતરિય પરિગ્ગહિયાગમણે - નાની ઉમ્મરની પોતાની સ્ત્રી સાથે ગમન કર્યું હોય

અપરિગ્ગહિયાગમણે - સ્ત્રીને પરણ્યા અગાઉ તેની સાથે ગમન કર્યું હોય

અનંગક્રીડા - સ્વભાવિક અંગ સિવાય અનેરા અંગે કામક્રીડા કરી હોય

પરવિવાહકરણે - બીજાઓના વિવાહ મેળવી આપ્યા હોય

કામભોગેસુ તિવ્વાભિલાસા - કામભોગને વિષે તીવ્ર અભિલાષા રાખી હોય

તસ્સ મિચ્છામિદુક્કડં - તે મારું પાપ મિથ્યા થાઓ

# પાઠ ૧૦ - પાંચમું અણુવ્રત

પાંચમું અણુવ્રત - પાંચમું નાનું વ્રત
થૂંલાઓ પરિગ્ગહાઓ - સ્થૂલ પરિગ્રહથી
વેરમણં - નિવર્તું છું
ખેત્ત - ખેતર વાડી આદિ ઊઘાડી જમીન
વત્થનું - ઘર, દુકાન આદિ ઢાંકેલી જમીન
યથા પરિમાણ - જેટલી મર્યાદા કરી છે
હિરણ્ણં - રૂંપું
સુવણણનું - સોનાની
યથાપરિમાણ - જે પ્રમાણે મર્યાદા કરી હોય
ધન - સિક્કાબંધ નાણું
ધાનનું - દાણાની
યથાપરિમાણ - જે પ્રમાણે મર્યાદા કરી હોય
દુપદ - બે પગાં (મનુષ્ય નોકર-ચાકર)
ચૌપદનું - ચોપગાં (ઢોર)
યથાપરિમાણ - જે પ્રમાણે મર્યાદા કરી હોય
કુવિંયનું - ઘર વખરીની
યથાપરિમાણ - જે પ્રમાણે મર્યાદા કરી હોય
એ યથાપરિમાણ કીધું છે - એ પ્રમાણે જે મર્યાદા કરી છે
તે ઉપરાંત પોતાનો પરિગ્રહ કરી રાખવાના પચ્ચક્ખાણ - તે ઉપરાંત પોતાનો પરિગ્રહ કરી રાખવાનો પચ્ચક્ખાણ
જાવજ્જીવાએ - જ્યાં સુધી જીવું ત્યાં સુધી
એગવિહં - એક કરણે
તિવિહેણં - ત્રણ જોગે
ન કરેમિ - હું કરું નહી
મનસા - મને કરી
વયસા - વચને કરી
કાયસા - કાયાએ કરી
એવા પાંચમાં થૂલ - એવા પાંચમાં મોટા
પરિગ્ગહ પરિમાણ - દોલતની મર્યાદા ઉપરાંત

વેરમણ વ્રતના - તજી દેવાના વ્રતના
પંચ અઈયાર - પાંચ અતિચાર
જાણિયવ્વા - જાણવા જેવા
ન સમાયરિયવ્વા - પણ આચરવા જેવા નહિ
તંજહ્ર - તે જેમ છે તેમ
તે આલોઉં - કહું છું
ખેતવત્થુપ્પમાણાઈક્કમે - ઊઘાડી તથા ઢાકેલી જમીનની મર્યાદા ઓળંગી હોય
હિરણ્ણસુવણ્ણપ્પમાણાઈક્કમે - રૂપું તથા સોનાની મર્યાદા ઓળંગી હોય
ધનધાનપ્પમાણાઈક્કમે - રોકડ નાણું તથા દાણાની મર્યાદા ઓળંગી હોય
દુપદચઉપ્પદપ્પમાણાઈક્કમે - બે પગાં, ચો પગાંની મર્યાદા ઓળંગી હોય
કુવિયપમાણાઈક્કમે - ઘર વખરીની મર્યાદા ઓળંગી હોય
તસ્સ મિચ્છામિ દુક્કડં - તે મારું પાપ મિથ્યા થાઓ.

## પાઠ ૧૧ - છઠ્ઠુ દિસિવ્રત (પહેલું ગુણવ્રત)

છ દિશાઓની મર્યાદા કરી તેની બહાર ન જવા સંબંધી

છઠ્ઠુ દિસિવ્રત - દિશાઓની મર્યાદા બાંધવાનું વ્રતુ
ઉઙ્ઢદિસિનું યથાપરિમાણ - ઊંચી દિશાની મર્યાદા કરી છે
અધો દિસિનું યથાપરિમાણ - નીચી દિશાની મર્યાદા કરી છે
તિરિય દિસિનું યથાપરિમાણ - ત્રીછી (વચલી) જમીનની દિશાની એટલે કે ઉત્તર, પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ એ યથા પરિમાણ કીધું છે તે ઉપરાંત સઈચ્છાએ કાયાએ જઈને પાંચ આશ્રવ સેવવાનાં પચ્ચક્ખાણ -
જાવજ્જીવાએ, દુવિહં, તિવિહેણં, ન કરેમિ, ન કારવેમિ, મનસા, વયસા, કાયસા એવા છઠ્ઠા દિસિ વેરમણં વ્રતના પંચ અઈયારા જાણિયવ્વા ન સમાયરિવ્વા તંજ્હા તે આલોઉં

ઉઙ્ઢ દિસિ પમણાઈક્કમે - ઊંચી દિશાની મર્યાદા ઓળંગી હોય
અધો દિસિ પમણાઈક્કમે - નીચી દિશાની મર્યાદા ઓળંગી હોય
તિરિય દિસિ પમણાઈક્કમે - ત્રીછી (વચલી) દિશા પૂર્વ પશ્ચિમ ઉત્તર દક્ષિણની મર્યાદા ઓળંગી હોય
ખેતવુધ્ધી - એક દિશાની મર્યાદા ઘટાડી બીજી દિશાની મર્યાદા વધારી હોય

સઈ અંતરધ્ધાએ - સંદેહ પડ્યા છતાં આગળ જવાયું હોય
તસ્સ  મિચ્છામી  દુક્કડમ - તે મારું પાપ મિથ્યા થાઓ.

## પાઠ ૧૨ - સાતમું વ્રત (બીજું ગુણવ્રત)

સાતમું વ્રત
ઉવભોગ - જે વસ્તુ એકવાર જ ભોગવાય તે ખાન પાનાદિ વગેરે
પરિભોગવિહં - જે વસ્તુ વારંવાર ભોગવામાં આવે તે ઘરેણાં લુગડાં વગેરે તેની મર્યાદા
પચ્ચક્ખાયમાણે - બંધી કરવી
૧) ઉલ્લણિયાવિહં - અગં લુવાના વસ્ત્રની મર્યાદા
૨) દંતણવિહં - દાતણની મર્યાદા
૩) ફલવિંહ - ફળની મર્યાદા
૪) અબ્ભગણવિંહ - તેલ વગેરે શરીરે ચોપડવાની  વસ્તુની મર્યાદા
૫) ઉવ્વટણવિંહ - પીઠી વગેરેની મર્યાદા
૬) મંજ્જણવિંહ - નાહવાના પાણી વગેરેની મર્યાદા
૭) વત્થવિહં - વસ્ત્રની મર્યાદા
૮) વિલેવણવિંહ - વિલેપન વસ્તુની મર્યાદા (સુખડ અંતર)
૯) પુફ વિંહ - પુષ્પ ફૂલની મર્યાદા
૧૦) આભરણવિંહ - ઘરેણાંની જાત અને સંખ્યાની મર્યાદા
૧૧) ધુપ વિંહ - ધુપની મર્યાદા
૧૨) પેજ્જ વિહં - પીવાની વસ્તુ ઓસડ-ચહા કૉફી વગેરે વસ્તુની મર્યાદા
૧૩) ભક્ખણવિહં - સુખડી વગેરે મર્યાદા કરી હોય
૧૪) ઉદનવિહં - ધાનની જાતની મર્યાદા
૧૫) સુપવિહં - કઠોળની મર્યાદા
૧૬) વિગયવિહં - ઘી, તેલ, ગોળ, દૂધ, દહીં વગેરેની મર્યાદા
૧૭) સાગવિહં - લીલોત્રી શાકની મર્યાદા
૧૮) માહૂરવિહં - મધુર ફળ મર્યાદા
૧૯) જમણવિહં - જમવાની મર્યાદા - અમુક વખતે આટલી વસ્તુ ખાવી
૨૦) પાણીવિહં - પાણીની મર્યાદા

૨૧) મુખવાસવિહં - સોપારી, લવિંગ, એલચી વગેરે મુખવાસની મર્યાદા
૨૨) વાહંણવિહં - વાહનની મર્યાદા
૨૩) ઉવાણવિહં - પગરખા વગેરેની મર્યાદા
૨૪) સયણવિંહ - શય્યા પલંગ વગેરે સુવાની વસ્તુની મર્યાદા
૨૫) સચિતવિહં - સચેત વસ્તુની મર્યાદા
૨૬) દવ્વવિહં - બીજાં દ્રવ્ય એટલે પદાર્થની મર્યાદા
ઈત્યાદિકનું યથા પરિણામ કીધું છે તે ઉપરાંત ઉવભોગ પરિભોગ
ભોગ નિમિત્તે ભોગવાના પચ્ચક્ખાણ
જાવજ્જીવાએ એગવિહં તિવિહેણ
ન કરેમિ મનસા વયસા કાયસા ઉપભોગ પરિભોગ
દુવિહે - બે પ્રકારે
પણ્ણત્તે - કહ્યા છે
તં જહા - તે આ પ્રમાણે
ભોયણાઉય - ભોજન સંબંધી
કમ્મઉય – કર્મ (વ્યાપાર) સંબંધી
ભોયણાઉયે - તેમાં ભોજન સંબંધી
સમણોવાસએણં - શ્રાવકને
પંચઅઈયારા - પાંચ અતિચાર
જાણિયવ્વા - જાણવા
ન સમાયરિયવ્વા - (પણ) આચારવા નહિ
તં જહા - તે જેમ છે તેમ
તે આલોઉં - કહું છું
સચિત્તાહારે - સચેત વસ્તુ ખાધી હોય (વનસ્પતિ)
સચિત્ત પડિ બધ્ધા હારે - સચેત વસ્તુ સાથે લાગેલી અચેત વસ્તુ (લીમડાનો ગુંદ વગેરે) નો ઉપયોગ થયો હોય
અપ્પોલિઓસહિભક્ખણાયા - વસ્તુમાં જીવના પ્રદેશ રહી ગયા હોય એવી વસ્તુ ખાધી હોય
દુપ્પોલિઓસહીભક્ખણાયા - માઠી રીતે પંકવેલી વસ્તુ ખાધી હોય (ભડથા વગેરે)
તુચ્છોસહિ ભકબણયા - ખાવું થોડું અને નાખી દેવું ઝાઝું એવી વસ્તુ ખાધી હોય (સીતાફળ, શેરડી)
કમ્મઉણં - વ્યાપાર સંબંધી
સમણો વાસએણં - શ્રાવકને
પન્નરસ કમ્માદાણાઈં - પંદર પ્રકારે કર્મ આવવાનાં ઠેકાણા

જાણિયવ્વા - જાણવા

ન સમાયરિયવ્વા - આચરવા નહિ

તં જહા - જેમ છે તેમ

તે આલોઉં - કહુ છું

૧) ઈંગાલક્કમે - અગ્નિનો વ્યાપાર કીધો હોય (લુહાર)

૨) વણકમ્મે - મોટાં મોટાં વનનાં ઝાડો કપાવી કીધા હોય

૩) સાડી કમ્મે - સોડ કરીને વસ્તુ વેચવાનો ધંધો કર્યો હોય (ગળી દારૂ)

૪) ભાડી કમ્મે - ગાડાં, ઘર વગેરે નવા કરાવી તેનાં ભાડા ખાવાનો વેપાર કર્યો હોય

૫) ફોડી કમ્મે - પૃથવીના પેટ ફોડવાનો ધંધો કર્યો હોય (કૂવા વાવ આદિ)

૬) દંત વાણિજ્જે - હાથી દાંત વગેરેનો વેપાર કીધો હોય

૭) કેસ વાણિજ્જે - ચમરી ગાય વગેરેના વાળનો વેપાર કર્યો હોય

૮) રસ વાણિજ્જે - દારુ, માંસ, મધ, માખણ, ચરબી આદિ રસનો વ્યાપાર કીધો હોય

૯) લક્ખ વાણિજ્જે - લાખ આદિનો વ્યાપાર કીધો હોય

૧૦) વીસ વાણિજ્જે - ઝેર, અફીણ વગેરેનો વ્યાપાર કીધો હોય

૧૧) જંત પિલ્લણકમ્મે - તલ, શેરડી, મગફળી, કપાસ વગેરેને સંચાઓ વડે પીલવાનાં કાર્ય કર્યા હોય

૧૨) નિલ્લંછણકમ્મે - અંગોપાંગ છેદવા (આખલા - ઘોડા) વગેરેના

૧૩) દવગ્ગિદાવણિયા - જંગલ, ખેતર, પર્વત વગેરેમાં આગ લગાવાના ધંધા કર્યા હોય

૧૪) સરદહ તલાગ પરિસોસણયા - સરોવર, કૂવા, તળાવ આદિ ઉલેચવાના તથા સોસવાનાં ધંધા કર્યા હોય

૧૫) અસઈજણ પોસણયા - હિંસક પશુ, ગુલામ, દુરાચારી મનુષ્યો વગેરેનું આજીવિકા અર્થે પાલનપોષણ કર્યું હોય.

તસ્સ મિચ્છામિ દુક્કડમ - તે મારું પાપ મિથ્યા થાઓ.

## પાઠ ૧૩ - આઠમુ વ્રત (ત્રીજું ગુણવ્રત)

આઠમું વ્રત - આઠમું વ્રત

અણત્થાદંડનું વેરમણં – વિના પ્રયોજને આત્મા દંડાય છે. તેથી નિવર્તું છું.

ચઉવ્વિહે - ચાર પ્રકારે

અણત્થાદંડે - અર્થ વિના દડાય

પન્નતે - કહ્યા છે

તં જહા - તે આ પ્રમાણે

અવજ્ઝણાચરિયં - માઠું ધ્યાન (આંતધ્ર્યાન) અથવા રૌદ્ર ધ્યાન ધરવાથી
પમયાચરિયં - પ્રમાદ કરવાથી
હિંસપ્પયાણં - હિંસા થાય તેવાં શસ્ત્રો રાખવાથી
પાવકમ્મોવએસ - પાપ કર્મોનો ઉપદેશ આપવાથી
એવા આઠમા અણત્થા દંડ સેવ્વાના પચ્ચ્ક્ખાણ જાવજ્જીવાએ દુવિહં, તિવિહેણં, ન કરેમી, ન કારવેમી, મણસા, વયસા, કાયસા
કંદપ્પે - વિષય વિકાર વધે તેવાં વચન બોલવાં
કુક્કુઈએ - કુચેષ્ટા કરવી
મોહરિએ - જેમતેમ નિરર્થક બોલવું
સંજુતાહિ ગરણે - હિંસાકારી હથિયાર ભેગાં કર્યાં હોય
ઉવભોગ પરિભોગ - ઉપભોગ પરિભોગની વસ્તુઓમાં
અઈરત્તે – અતિ આસક્ત ભાવ રાખ્યા હોય

તસ્સ મિચ્છામિ દુક્કડમ - તે મારું પાપ મિથ્યા થાઓ

## પાઠ ૧૪ – નવમું સામાયિક વ્રત (પહેલું શિક્ષાવ્રત)

નવમું સામાયિક વ્રત - નવમું સમતાભાવમાં રહેવાનું સામાયિક વ્રત
સાવજ્જોગનું વેરમણં - પાપના કામથી નિવર્તું છું.
જાવનિયમ પરજ્જુવાસામી - જ્યાં સુધી મર્યાદા કરી છે ત્યાં સુધી સમભાવમાં રહુ
દુવિહં તિવિહેણં, નકરેમી, નકારવેમી, મણસા, વયસા, કાયસા, એવી મારી તમારી સદહણા પ્રરૂપણાએ કરી સામાયિકનો અવસર આવે અને સામાયિક કરીએ ત્યારે સ્પર્શનાએ કરી, શુદ્ધ હોજો.
એવા નવમા સામાયિક વ્રતના પંચઅઈયરા જાણિયવ્વા ન સમાયરિયવ્વા
તં જહા તે આલોઉં :
મણદુપ્પણિહાણે - સામાયિકમાં મન માઠું પ્રવર્તાવ્યું હોય
વય દુપ્પણિહાણે - સામાયિકમાં વચન માઠું પ્રવર્તાવ્યું હોય
કાય દુપ્પણિહાણે - સામાયિકમાં કાયા માઠી રીતે પ્રવર્તાવી હોય
સામાઈસ્સસઈઅકરણયાએ - સામાયિક વેઠની જેમ કરી હોય
સામાઈસ્સ અણવટ્ટીયસ કરણયાએ - સામાયિક પૂર્ણ થયા પહેલ પારી હોય
તસ્સ મિચ્છામિ દુક્કડમ - તે મારું પાપ મિથ્યા થાઓ

## પાઠ ૧૫ – દશમું દેશાવગાસિક વ્રત (બીજું શિક્ષાવ્રત)

દશમું દેશાવગાસિક વ્રત - દશમું દિશાની મર્યાદા બાંધવાનું વ્રત
દિન પ્રત્યે પ્રભાત થકી પ્રારંભીને પૂર્વાદિક છ દિશિ જેટલી ભૂમિકા મોકળી રાખી છે, તે ઉપરાંત, સઈચ્છાએ, કાયાએ જઈને પાંચ આશ્રવ સેવવાનાં પચ્ચક્ખાણ.

દુવિહં તિવિહેણં, નકરેમી, નકારવેમી, મણસા, વયસા, કાયસા, જેટલી ભુમિકા મોકળી રાખી છે, તે માંહિ જે દ્રવ્યાદિકની મર્યાદા કીધી એ, તે ઉપરાંત ઉવભોગ, પરિભોગ, ભોગ નિમિત્તે ભોગવવાનાં પચ્ચક્ખાણ, જાવ અહોરત્તં, એગ વિહં, તિવિહેણં, નકરેમી, નકારવેમી, મણસા, વયસા, કાયસા એવા દશમાં દેશાવગાસિક વ્રતના પંચઅઈયરા જાણિયવ્વા ન સમાયરિયવ્વા તં જહા તે આલોઉં

આણવણપ્પઓગે - મર્યાદાની બહારથી વસ્તુ મંગાવી હોય

પેસવણપ્પઓગે - મર્યાદાની બહારની ચાકર દ્વારા વસ્તુ મંગાવી હોય અગર બહાર મોકલી હોય
સદાણુવાએ - સાદ કરી મર્યાદાની બહારથી કોઈને બોલાવ્યો હોય
રૂવાણુવાએ - પોતાનું રૂપ બતાવીને મર્યાદા બહાર કોઈને બોલાવી હોય કે વસ્તુ મંગાવી હોય
બહિયા પોગલ પક્ખવે - કાંકરો આદિ નાખી મર્યાદા બહારથી કોઈને બોલાવેલ હોય
તસ્સ મિચ્છામિ દુક્કદમ - તે મારું પાપ મિથ્યા થાઓ.

## પાઠ ૧૬ – અગિયારમું પોષધવ્રત

અગિયારમું પરિપૂર્ણ પોષધવ્રત - અગિયારમું ધર્મ કરણીથી આત્માને પોષવાનું વ્રત એટલે પાપરહિત થઈ સંવરે કરી આત્માને પોષવું
અસણં પાણં ખાઈમં સાઈમંના પચ્ચકખાણ - અન્ન, પાણી, મેવો અને મુખવાસ ખાવાની બંધી
અબંભંના પચ્ચક્ખાણ - મૈથુન સેવવાની બંધી
મણિસુવણ્ણના પચ્ચક્ખાણ – ઝવેરાત, સોનુ વગેરે રાખવાની બંધી
માલાવન્નગ વિલેવણના પચ્ચખાણ - ફૂલથી માળા કે ચંદન વગેરે વિલેપન કરવાના પચ્ચક્ખાણ
સત્થ મુસલાદિક સાવજ્જ જોગના પચ્ચક્ખાણ - શસ્ત્ર, સાંબેલા, હથિયાર વગેરે, પાપ કામ કરવાની બંધી
જાવ અહોરંત્ત પજ્જુવાસામિ - એક દિવસ અને રાત્રિ તે પ્રમાણે આચરીશ

દુવિહં તિવિહેણં, નકરેમી, નકારવેમી, મણસા, વયસા, કાયસા, એવી મારી સદહણા પ્રરૂપણાએ કરી પોષાનો

અવસર આવે, અને પોષો કરીએ, તે વારે સ્પર્શનાએ કરી શુદ્ધ હોજો, એવા અગિયારમા પરિપૂર્ણ પોષધ વ્રતના પંચ અઈયારા જાણિયવ્વા ન સમાયરિયવ્વા તં જહા તે આલોઉં:

અપડિલેહિયં દુપડિલેહિયં સિજ્જાસંથારએ - પાટ, પથારી આદિ બરાબર તપાસીને પડિલેહણ કર્યું ન હોય, અને કર્યું હોય તો માઠી રીતે કર્યું હોય

અપમજ્જિયં દુપમજ્જિયંસિજ્જાસંથારએ - પાટ પથારી પોંજી ન હોય, અને પોંજી હોય તો, માઠી રીતે પોંજી હોય

અપડિલેહિયં દુપડલેહિયં ઉચ્ચારપાસવણ ભૂમિ - પેશાબ તથા દિશાએ જવાની ભુમિ, બરાબર જોઈ ન હોય, અને જોઈ હોય તો માઠી રીતે જોઈ હોય

અપમજ્જિયં દુપમજ્જિયં ઉચ્ચારપાસવણ ભૂમિ – પેશાબ તથા દિશાએ જવાની ભૂમિ પોંજી ન હોય, અને પોંજી હોય તો માઠી રીતે પોંજી હોય

પોસહસ્સ સમ્મં અણાણુપાલણયા - પોષધ વ્રતનું રૂડી રીતે પાલન ન કર્યું હોય

તસ્સ  મિચ્છામિ દુક્કડમ - તે મારું પાપ મિથ્યા થાઓ.

## પાઠ ૧૭ – બારમું અતિથિ સંવિભાગ વ્રત (ચોથું શિક્ષાવ્રત)

બારમું અતિથિ - બારમું જેમને આહાર પાણી લેવા આવવાની નક્કી તિથિ નથી

સંવિભાગ વ્રત - ભાગ કરવા રૂપ વ્રત (સાધુ સાધ્વીજી પધારે તો મારે જે ખાવા પીવાની ચીજ છે તેમાંથી તેમને વહોરાવું તેવી ભાવના)

સમણે - સાધુ મુનિને (સાધ્વીજીને)

નિગ્ગંથે - નિર્ગંથને (જેમને કોઈપણ જાતનો પરિગ્રહ નથી)

ફાસુ - જીવ રહિત (અચેત વસ્તુ)

એસણિજ્જેણે - નિર્દોષ

અસણં - અન્ન રાંધેલુ

પાણં - પાણી આદિ ૨૦ જાતના  ધોવાણ

ખાઈમં - સુખડી મિષ્ટાન આદિ

સાઈમં - મુખવાસ આદિ

વત્થ - સફેદ વસ્ત્ર

પડિગ્ગહ - પાત્રા

કંબલ - કામળી

પાયપુચ્છણેણં - રજોહરણ ગુચ્છા

પાઢિયારૂ - આપીને પાછી લેવાય તેવી વસ્તુ

પીઢ - પાટ બાજોટ
ફલગ - પાટીયું
સિજ્જા સંથારએણં - શય્યા આદિ પથારી
ઓસહ - ઔષધ (જેમાં એક વસ્તુ હોય)
ભેસજ્જેણં - ઘણી વસ્તુ ભેળવીને
પડિલાભેમાણે - ભાવથી આપતો થકો
વિહરિસ્સામિ - વિચારીશ

એવી મારી સદ્દહણા પ્રરૂપણા એ કરી સુપાત્ર સાધુ સાધ્વીજીની જોગવાઈ મળે અને નિર્દોષ આહાર પાણી વહોરાવું તે વારે સ્પર્શનાએ કરી શુદ્ધ હોજો.
એવાં બારમા અતિથિ સંવિભાગ વ્રતના પંચ અઈયારા જાણિયવ્વા
ન સમારિવ્વા તં જહા તે આલોઉં: - જાણવા પણ આચરવા નહિ તે જેમ છે તેમ

સચિત્ત નિક્ખેવણયા - સચેત વસ્તુ ઉપર અચેત વસ્તુ મુકી હોય
સચિત પેહણયા - સચિત વસ્તુ વડે અચેત વસ્તુ ઢાંકી હોય
કાલાઈક્કમે - વસ્તુનો કાળ વિતી ગયા પછી બગડેલી વસ્તુ વહોરાવી હોય
પરોવએસે - પોતે સૂઝતો હોય છતાં બીજાને વહોરાવાનું કહ્યું હોય
મચ્છરિયાએ - દાન આપીને અહંકાર કર્યો હોય
તસ્સ મિચ્છામિ દુક્કડમ - તે મારું પાપ મિથ્યા થાઓ.
*(પછી નવકાર મંત્રનો પાઠ બોલવો.)*

## પાઠ ૧૮ - સંથારાનો પાઠ

અપચ્છિમ - બીજું કાંઈ કામ કરવું રહ્યું નથી
મારણંતિયં - મરણને અંતે
સંલેહણા - તપથી શરીર અને કષાયનું શોષણ કરવાની ક્રિયા
પોષધશાલાપોંજીને - સંથારો કરવાની જગ્યા વાળી સાફ કરીને
ઉચ્ચારપાસવણ ભૂમિકા પડિલેહીને - દિશા તથા પેશાબની જગ્યા નજરે જોઈને
ગમણાગમણે - જતાં આવતાં જીવ (કચર્યા) ચંપાણા હોય તેનું
પડિક્કમીને - પ્રાયશ્ચિત લઈને

દર્ભાદિક સંથારો સંઘરીને - ડાભ વગેરેની પથારી પાથરીને
દર્ભાદિક સંથારો દુરુહીને - ડાભ વગેરેની પથારી ઉપર બેસીને
પૂર્વ તથા ઉત્તર દિશી - પૂર્વ કે ઉત્તર દિશા તરફ
પલ્યં-કાદિ આસને બેસીને - પલાંઠી વાળીને અથવા શક્તિ પ્રમાણે આસન વાળીને
કરયલ સંપરિગ્ગહિયં - બે હાથ જોડીને
સિરસાવત્તર્યં - મસ્તક આવર્તન કરીને
મત્થએ અંજલિ કટ્ટુ - માથા ઉપર બે હાથ જોડેલા રાખીને
એવં વયાસી – એમ કહે
નમોત્થુણં – નમસ્કાર હોજો
અરિહંતાણં – અરિહંત દેવને
ભગવંતાણં – ભગવંતને
જાવ સંપત્તાણં – યાવત મોક્ષ પહોંચેલાઓને

એમ અનંતા સિદ્ધને નમસ્કાર કરીને વર્તમાન પોતાના ધર્મગુરુ ધર્માચાર્ય ને નમસ્કાર કરીને પૂર્વે જે વ્રત આદર્યા છે તે આલોવી-સંભારીને

પડિકમ્મી – પ્રાયશ્ચિત લઇને
નિંદી – દોષોની નિંદા કરીને
નિઃશલ્ય થઇને – ત્રણ પ્રકારના શલ્ય રહિત થઇને
સવ્વં પાણાઇવાયં પચ્ચક્ખામિ – સર્વ પ્રકારે જીવ હિંસા કરવાની બંધી કરીને
સવ્વં મુસાવાયં પચ્ચક્ખામિ – સર્વ પ્રકારનું જૂઠું બોલવાની બંધી કરીને
સવ્વં આદિન્નાદાણં પચ્ચક્ખામિ – સર્વ પ્રકારની ચોરી કરવાની બંધી કરીને
સવ્વં મેહુણં પચ્ચક્ખામિ – સર્વથા મૈથુનની બંધી કરીને
સવ્વં પરિગ્ગહં પચ્ચક્ખામિ – સર્વથા દોલત રાખવાની બંધી કરીને
સવ્વં કોહં પચ્ચક્ખામિ – સર્વથા ક્રોધ કરવાની બંધી કરીને
જાવ મિચ્છાદંસણસલ્લં – મિથ્યા દર્શન શલ્ય
અકરણિજ્જ જોગં પચ્ચક્ખામિ – ન સેવવા જોગને ત્યજું છું
જાવજ્જીવાએ - જ્યાં સુધી જીવું ત્યાં સુધી
તિવિહં - ત્રણ કરણે કરી
તિવિહેણં - ત્રણ જોગે કરી

ન કરેમિ - હું પાપ કરું નહિ

ન કારવે મિ - બીજા પાસે કરાવું નહિ

કરંતંપિ અન્નનં સમણુજાણામિ - પાપ કરનારને અનુમોદન આપવું નહિ, અને ભલું જાણવું નહિ

મનસા - મને કરી

વયસા - વચને કરી

કાયસા - કાયાએ કરી

એમ અઢારે પાપસ્થાનક પચ્ચક્ખીને - એમ અઢારે પ્રકારે પાપની બંધી કરીને

સવ્વં - સર્વ પ્રકારના

અસણં - અન્ન

પાણં - પાણી

સાઈમં ખાઈમં - મેવો મુખવાસ

ચઉવ્વિહં પિ આહારં પચ્ચક્ખામિ - એ ચાર પ્રકારના આહારની બંધી કરીને

જાવજ્જીવાએ - જીવું ત્યાં સુધી

એમ ચારે આહાર પચ્ચક્ખીને - એ ચારે પ્રકારના આહારની બંધી કરું છું

જં પિયં - જે પણ અને

ઈમં શરીરં - આ મારું શરીર

ઈટ્ઠં - ઈષ્ટકારી

કંતં - કાંત, સુંદર

પિયં - પ્રિય

મણુન્ન - મનગમતું

મણાંમં - મનને અતિ વહાલું

ધિજ્જં - ધીરજ દેનાર

વિસાસીયં - વિશ્વાસના ઠેકાણાવાળું

સમય - માનવા યોગ્ય

અણુમયં - વિશેષ માનવા યોગ્ય

બહુમયં - ઘણું માનવા યોગ્ય

ભડં કરડંગ સમાણં - ઘરેણાંના ડાબલા સમાન

રયણ કરડંગ ભૂયં - રત્નના કરંડિયા સમાન

માણં સીયં - રખે ટાઢ વાય

માણં ઉણ્હં - રખે તાપ લાગે

માણં ખુહા - રખે ભૂખ કલાગે

માણં પીવાસ - રખે તરસ લાગે

માણં બાલા - રખે સાપ કરડે

માણં ચોરા - રખે ચોર હેરાન કરે

માણં દંસા - રખે ડાંસ કરડે

માણં મસગા - રખે મચ્છર કરડે

માંણ વાહિયા - રખે વ્યાધિ ઉપજે

પિત્તિયં - રખે પિત્ત થાય

સંભિમં - ભ્રમ ચક્કર આવે

સન્નિવાઈમં - સન્નેપાત થાય

વિવિહા રોગાયંકા - રખે વિવિધ પ્રકારના રોગ ઉત્પન્ન થાય

પરિસહોવસગ્ગા - (૨૨ પ્રકારના) પરિષહો તથા ઉપસર્ગો થાય

ફાસાકુંસંતી - એવી રીતના સ્પર્શ થયે થકે

એયં પિયેણં - એવું મારું શરીર વહાલું તે

ચરિમેહિ - છેલ્લા

ઉસાસનિસાસેહિં - શ્વાસોશ્વાસ સુધી

વોસિરામિ - તજું છું

તિ કટું - એમ કરીને

એમ શરીર વોસિરાવીને - એમ શરીરને તજી દઈને

કાલં અણવકંખમાણે વિહરિસ્સામી - મૃત્યુને અણવાંછતો થકો વિચરીશ

એવી સદહણ પ્રરૂપણાએ કરી, અણસણનો અવસર આવ્યે, અણસણ કરું, તે વારે સ્પર્શનાએ કરી શુદ્ધ હોજો

એવા અપચ્છિમ મારણંતિયં - મરણને અંતે કાંઈ વસ્તુ બાકી નહિ

સંલેહણા - આત્માને માઠા કામથી દૂર કરવાના

ઝુસણા - અણસણ સેવવાના

આરાહણાના - આરાધના કરવાના

પંચઅઈયરા - પાંચ અતિચાર

જાણિયવ્વા - જાણવા

ન સમાયરિવ્વા - આચરવા નહિ

તં જહા તે આલોઉં - તે જેમ છે તેમ કહું છું

ઈહલોગાસપ્પઓગે - આ લોકના સાંસારિક સુખની ઇચ્છા કરી કે મરીને મોટા રાજા થઉં વગેરે
પરલોગાસંસપ્પઓગે - પરલોકના સુખની ઈચ્છા કરે કે મરીને મોટો દેવતા થાઉં
જીવીયા સંસપ્પઓગે - જીવવાની ઈચ્છા કરે (ઝાઝા દિવસ જીવું તો ઠીક જેથી સંથારો લંબાય તો લોકમાં મારી આબરુ વધે)
મરણા સંસપ્પઓગે - મરણની ઈચ્છા કરું (બહું દુઃખ પામું છું તેથી હવે તુરંત મરી જાઉં તો ઠીક)
કામભોગાસંસપ્પઓગે - (સંથારામાં) કામભોગની ઈચ્છા કરે
તસ્સ મિચ્છામિ દુક્કડમ - મારું પાપ મિથ્યા થાઓ
એમ સમકિત પૂર્વક - એમ પૂર્વે કહેલા સમકિતના પાઠથી
બાર વ્રત સંલેખણા સહિત - બાર વ્રત સંથારાના પાઠ સહિત નવ્વાણુ અતિચાર
એને વિષે જે કોઈ અતિક્રમ વ્યતિક્રમ, અતિચાર, અનાચાર થયો હોય તો
અણસાર - તે વસ્તુ ભોગવે એટલે બંધી ભાગે તેનું નામ
તસ્સ મિચ્છામિ દુક્કડમ - તે મારું પાપ મિથ્યા થાઓ.

.

## પાઠ ૧૯ – અઢાર પાપ સ્થાનક

૧. પ્રાણાતિપાત - જીવહિંસા
૨. મ્રુષાવાદ - જૂઠું બોલવું
3. અદત્તાદાન - ચોરી કરવી, અણદીધેલી વસ્તુ લેવી
૪. મૈથુન - અબ્રહ્મચાર્ય
૫. પરિગ્રહ - ભૌતિક આસકિત
૬. ક્રોધ - ગુસ્સો
૭. માન - અહંકાર
૮. માયા - કપટ
૯. લોભ - અસંતોષ
૧૦. રાગ - પ્રીતિ
૧૧. દ્વેષ – તિરસ્કાર
૧૨. કલહ - કજિયો
૧૩. અભ્યાખ્યાન - ખોટું આળ ચડાવવુ
૧૪. પૈશુન્ય - ચાડી ચુગલી કરવી

૧૫. પર પરિવાદ - નિંદા કરવી, વાંકુ બોલવું
૧૬. રઈ અરઈ - પાપના કામમાં ખુશ થવું અને ધર્મનાં કામમાં નાખુશ થવું
૧૭. માયામોસો - કપટ સહિત જૂઠું બોલવું
૧૮. મિચ્છાંદસણસલ્લ - કુદેવ કુગુરુ અને કુધર્મની શ્રદ્ધારૂપ શલ્ય
તસ્સ મિચ્છામિ દુક્કડમ - તે મારું પાપ મિથ્યા થાઓ.

આ અઢાર પાપસ્થાનક મારા જીવે સેવ્યાં હોય, સેવરાવ્યાં હોય, સેવતા પ્રત્યે અનુમોદ્યા હોય તે અનંતા સિદ્ધ કેવળીની સાક્ષીએ મિચ્છામિ દુક્કડમ.

## પાઠ ૨૦. ૨૫ પ્રકારના મિથ્યાત્વ

૧. અભિગ્રહિક મિથ્યાત્વ - સાચા ખોટાની ખબર વગર ખોટાને પકડી રાખે, મૂકે નહિ તે
૨. અણાભિગ્રહિક મિથ્યાત્વ - બધા દેવ, બધા ગુરુને માને તે
૩. અભિનિવેશિક મિથ્યાત્વ - પોતાના મતને ખોટા જાણવા છતા મૂકે નહિ તે
૪. સાંશયિક મિથ્યાત્વ - (સત્યધર્મમાં) - શંકાશીલ રહેવુ તે
૫. અણાભોગ મિથ્યાત્વ - જેમાં બિલકુલ જાણપણું ન હોય તે
૬. લૌકિક મિથ્યાત્વ - આ દુનિયામાં જે દેવ ગુરુ ધર્મની વિપરીત સ્થાપના કરેલી છે તેને માનવા અને તેમનાં પર્વ વગેરે ઉજવવાં તે
૭. લોકોત્તર મિથ્યાત્વ - બીજા પાખંડી મતની પેઠે તીર્થંકર દેવની માનતા કરે
૮. કુપ્રાવચન મિથ્યાત્વ - ૩૬૩ પાખંડી મતને માને
૯. જીવને અજીવ શ્રદ્ધે તે મિથ્યાત્વ
૧૦. અજીવન જીવ શ્રદ્ધે તે મિથ્યાત્વ
૧૧. સાધુને કુસાધુ શ્રદ્ધે તે મિથ્યાત્વ
૧૨. કુસાધુ ને સાધુ શ્રદ્ધે તે મિથ્યાત્વ
૧૩. આઠ કર્મથી મુકાણા તેને નથી મુકાણા શ્રદ્ધે તે મિથ્યાત્વ
૧૪. આઠ કર્મથી નથી મુકાણા તેને મુકાણા શ્રદ્ધે તે મિથ્યાત્વ
૧૫. ધર્મને અધર્મ શ્રદ્ધે તે મિથ્યાત્વ
૧૬. અધર્મને ધર્મ શ્રદ્ધે તે મિથ્યાત્વ
૧૭. જિન માર્ગને અન્યમાર્ગ  શ્રદ્ધે તે મિથ્યાત્વ

૧૮. અન્ય માર્ગને જિન માર્ગ શ્રદ્ધે તે મિથ્યાત્વ
૧૯. જિન માર્ગથી ઓછુ પ્રરૂપે તે મિથ્યાત્વ
૨૦. જિન માર્ગથી અધિકું પ્રરૂપે તે મિથ્યાત્વ
૨૧. જિન માર્ગથી વિપરીત પ્રરૂપે તે મિથ્યાત્વ
૨૨. અવિનય મિથ્યાત્વ - ગુરુ આદિ વડીલ સંતપુરુષોને વિનય ન કરે તે
૨૩. અકિરિયા મિથ્યાત્વ - સંયમ આદિ ક્રિયાને માને નહિ તે
૨૪. અજ્ઞાન મિથ્યાત્વ - અજ્ઞાનને સારું કરી માને તે
૨૫. અસાતના મિથ્યાત્વ – ગુરુ આદિની આશાતના કરે તે
એ પચ્ચીસ પ્રકારના મિથ્યાત્વ સેવ્યાં હોય, સેવરાવ્યાં હોય, સેવતા પ્રત્યે રૂડું જાણ્યું હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડમ.

## પાઠ ૨૧. ચૌદ પ્રકારના સમૂર્છિમ

ચૌદ સ્થાનકમાં સમૂર્છિમ જીવ ઉપજે છે તે
૧. ઉચ્ચારેસુવા - ઝાડામાં ઉપજે તે અને (વડીનીતમાં ઉપજે તે)
૨. પાસવણેસુવા - લઘુનીતમાં ઉપજે તે (પેશાબમાં ઉપજે તે)
૩. ખેલે સુવા - બળખામાં ઉપજે તે
૪. સિંઘાણે સુવા - નાકના લીટમાં ઉપજે તે
૫. વતેંસુવા - વમનમાં ઉપજે તે
૬. પિત્તસુવા - પિત્તમાં ઉપજે તે
૭. પૂએસુવા - પરુમાં ઉપજે તે
૮. સોણિએસુવા - લોહીમાં ઉપજે તે
૯. સુક્કે સુવા - વિર્યમાં ઉપજે તે
૧૦. સુક્ક પુગ્ગલ પારિસાડિયેસસુવા - વિર્યના પુદગળ સુકાએલા ફરી ભીનાં થાય તેમાં ઊપજે તે
૧૧. વિગય જીવ કલેવરેસુવા - જીવ ગયા પછી રહેલા કલેવરમાં ઉપજે તે
૧૨. ઈત્થી પુરિસ સંજોગેસુવા - સ્ત્રી પરુષના સંયોગ વખતે ઉપજે તે
૧૩. નગર નિધ્ધમાણે સુવા - નગરની ખાળમાં ઉપજે તે
૧૪. સવ્વેસુ ચેવ અસુઈઠાણે સુવા - બધા ગંદકીનાં ઠેકાણામાં ઉપજે તે
એ ચૌદ સ્થાનકના જીવની વિરાધના થઈ હોય તો તસ્સ મિચ્છામી દુક્કડમ

*આ ઠેકાણે ઈચ્છામિ ઠામિ, કાઉસ્સગ, નવકાર અને કરેમિ ભંતેના પાઠ કહેવા*

# પાઠ ૨૨. શ્રી ચત્તારિ મંગલં

ચત્તારિ મંગલં - ચાર પ્રકારના માંગલિક આ પ્રમાણે છે
અરિહંતા મંગલં - અરિહંત દેવો માંગલિક છે
સિધ્ધા મંગલં - સિદ્ધ ભગવાનો માંગલિક છે
સાહૂ મંગલં - સાધુ સાધ્વી માંગલિક છે
કેવલિ પન્નતો ધમ્મો મંગલં - કેવળીનો પ્રરૂપેલો ધર્મ માંગલિક છે
ચત્તારી લોગુત્તમા - લોકમાં ચાર ઉત્તમ છે
અરિહંતા લોગુત્તમા - અરિહંત દેવો લોકમાં ઉત્તમ છે
સિધ્ધા લોગુત્તમા - સિદ્ધ ભગવાન લોકમાં ઉત્તમ છે
સાહૂ લોગુત્તમા - સાધુ સાધ્વીઓ લોકમાં ઉત્તમ છે
કેવલી પન્નતો ધમ્મો લોગુત્તમા - કેવળીનો પ્રરૂપેલો ધર્મ લોકમાં ઉત્તમ છે
ચત્તારી શરણં પવજ્જામિ - આ ચાર શરણને અંગીકાર કરું છું
અરિહંતે શરણં પવજ્જામિ - અરિહંતનું શરણ અંગીકાર કરું છું
સિધ્ધે શરણં પવજ્જામિ - સિદ્ધ ભગવંતોનું શરણ અંગીકાર કરું છું
સાહૂ શરણં પવજ્જામિ - સાધુ સાધ્વીજીઓનું શરણ અંગીકાર કરું છું
કેવલી પન્નતં ધમ્મં શરણં પવજ્જામિ - કેવળીના પ્રરૂપેલ ધર્મ શરણ અંગીકાર કરું છું

એ ચાર મંગળ, ચાર ઉત્તમ, ચાર શરણાં કરે જેહ
ભવ સાગરમાં તરશે તેહ

સકળ કર્મનો આણે અંત

મોક્ષ  તણાં સુખ લહે અનંત

ભાવ ધરીને જે ગુણ ગાય

તે  જીવ તરીને મોક્ષે જાય

સંસાર માંહી શરણાં ચાર અવર ન શરણું કોઈ

જે નરનારી આદરે તેને અક્ષય  અવિચળ પદ હોય

અંગુઠે અમ્રુત વસે, લબ્ધિ તણા ભંડાર
ગુરુ ગૌતમને સમરીએ, મનવાંછિત ફળ દાતાર

ભાવે ભાવના ભાવીએ, ભાવે દીજે દાન
ભાવે ધર્મ આરાધીએ, ભાવે કેવળ જ્ઞાન

## પાઠ ૨૩ – પહેલું શ્રમણ સૂત્ર

ઈચ્છામિ - ઈચ્છું છું
પડિક્કમિઉં - પાપથી પાછા હટવાને
પગામસિજ્જાએ - ઘણુ સૂઈ રહેવાથી
નિગામસિજ્જાએ - ઓઢવા પાથરવાનાં ઘણા ઉપકરણ રાખી ઘણું સૂવાથી
સંથારા ઉવટ્ટણાએ – સૂતા સૂતા વગર પૂંજીયે પડખું ફેરવાથી
પરિયટ્ટણાએ - વારંવાર વગર પૂંજીયે પડખું ફેરવાથી
આઉટ્ટણાએ - વગર પૂજીયે હાથપગ સંકોચવાથી
પસારણાએ - વગર પૂંજીયે હાથપગ લાંબા કરવાથી
છપ્પઈ સંઘટ્ટણાએ - છ પગી જૂ વગેરે કચરવાથી
કૂઈએ - કુચેષ્ટા કરવાથી
ક ક્કરાઈએ - ઉઘાડે મોઢે બોલાવાથી
છિઈએ - ઉઘાડે મોઢે છીંક ખાવાથી
જં ભાઈએ - ઉઘાડે મોઢે બગાસુ ખાવાથી
આમોસે - વગર પૂંજીયે શરીર ખંજવાળવાથી
સસરક ખામોસે - સચેત રજને સ્પર્શ કરવાથી
આઉલ માઉલાએ - આકુળ વ્યાકુળતાથી
સોવણવત્તિયાએ - સ્વપ્નના નિમિતથી
ઈત્થીવિપ્પરિયાસિઆએ - સ્ત્રીના વિપયાંસ એટલે ભ્રમથી (સ્વપ્નમા મૈથુન સેવવાની ઇચ્છા થઈ હોય)
દિઠ્ઠી વિપ્પરિયાસિઆએ - દ્રષ્ટિના વિપર્યાસથી, (સ્વપ્નમાં દ્રષ્ટિથી ક્રીડા કરી હોય)
મણવિપ્પરિયાસિઆએ - મનના વિપર્યાસથી (સ્વપ્નમાં મનથી ક્રીડા કરી હોય)
પાણ ભોયણા વિપ્પરિયાસિઆએ - પાણી અને ભોજનના વિપર્યાસ (ભ્રાન્તિથી) (સ્વપ્નમાં સારા નરસા આહારપાણીથી ખુશી દિલગિરી થઈ હોય)

જો મે - જે મને
દેવસિઓ - દિવસ સંબંધી
અઈયારો કઓ - અતિચાર લાગ્યા હોય
તસ્સ મિચ્છામિ દુક્કડમ - તે મારું પાપ મિથ્યા થાઓ

## પાઠ ૨૪ – બીજું શ્રમણ સૂત્ર

પડિક્કમામિ - પાપનું નિવારણ કરૂં છું
ગોયરગ્ગચરિયાએ - ગાયની માફક થોડો થોડો આહાર લેવા જતાં, (ચરતી વખતે ગાય જેમ ઉપર ઉપરથી ઘાસ ખાય છે તેમ ઘણા ઘરેથી થોડો થોડો આહાર લેવો જેથી કોઈને જરા પણ તકલીફ પડે નહિ)
ભિક્ખાયરિયાએ - ભિક્ષા ચર્યામાં આહાર લેવા જતાં (જે અતિચાર લાગ્યા હોય તે કહે છે)
ઉગ્ઘાડ કવાડ ઉગ્ઘાડણાએ - વગર આજ્ઞાએ કમાડ ઉઘાડીને અંદર જવું કે અર્ધ ઉઘાડા કમાડ પૂરાં ઉઘાડીને અંદર જવા વડે
સાણા વચ્છા દારા સંઘટ્ટણાએ - કૂતરાં વાછડા અને બાળકને અડીને ઓળંગીને જવા પડે
મંડી પાહુડિઆએ - કોઈની નિમિત્તે રાખી મુકેલું હોય તે લેવા વડે
બલિ પાહુડિઆએ - ઉછાળવા માટે જે બાકળા કર્યા હોય તે લેવા વડે
ઠવણા પાહુડિઆએ - ભિખારી માટે કાંઈ રાખી મૂક્યું હોય તે લેવા વડે
સંકિએ - શંકાવાળું લેવા વડે (કલ્પે તેવું છે કે નહિ તેની ખાતરી ન હોય તેવું)
સહસાગરે - ઉતાવળથી લેવા વડે
અણેસણાએ - (અજાણતાં) અસુઝતા આહાર લેવા વડે
પાણેસણાએ - અજાણતાં અસુઝતા પાણી લેવા વડે
પાણ ભોયણાએ - પ્રાણી જીવવાળું ભોજન લેવા વડે
બીય ભોયણાએ – બીજવાળું ભોજન લેવા વડે
હરિય ભોયણાએ - લીલોતરી સહિત ભોજન લેવા વડે
પચ્છા ક્મ્મિયાએ - આહાર વહોરાવ્યા પછી વહોરાવનાર સચેત્ત પાણીથી હાથ આદિ ધૂએ વગેરે પશ્ચાત કર્મ લાગે છે તેવી ક્રિયાયુક્ત ભિક્ષા લેવાથી
પુરે કમ્મિયાએ - ભિક્ષા આપ્યા પહેલાં દાતા સચેત પાણીથી હાથ ધોવા વગેરે વડે પૂર્વ કર્મ લાગે છે તેવી ક્રિયાયુક્ત ભિક્ષા લેવાથી
અદિઠ્ઠહડાએ - નજરે નથી દેખાતું તેવે સ્થળેથી લાવેલું લેવાથી

દગ સંસઠ્ઠડાએ - કાચાં પાણીનો સ્પર્શ કરીને દીધેલો આહાર લેવાથી

રય સંસઠ્ઠડાએ - સચેત પ્રુથ્વી આદિ રજનો સ્પર્શ કરીને દીધેલો આહાર લેવાથી

પારિસાડણિયાએ - વેરાતી ઢોળાતી છાંટા પાડતાં ભિક્ષા લેવી પડે

પારિકાવણિયાએ - પરઠવવા લાયક આહાર લેવો પડે

ઓહાસણભિક્ખાઈ - વારેવારે વસ્તુ માંગી લીધી હોય

જં ઊગ્ગમેણં - જે ગ્રુહસ્થથી દોષ લાગ્યા હોય

ઉપ્પાયણેસણાએ – પોતા  થકી જે દોષ લાગ્યા હોય

ઉપરિસુદ્ધમં - અશુદ્ધ ભિક્ષા

પડિગ્ગહિયં - ગ્રહણ કરી હોય

પરિભુત્તં - ખાધી હોય, વાપરી હોય

વા જં - પરઠવવા યોગ્ય વસ્તુ હોય છતાં

ન પરિઠ્ઠવિયં - ન પરઠવેલ હોય

તસ્સ મિચ્છામિ દુક્કડમ - તે મારું પાપ મિથ્યા થાઓ.

## પાઠ ૨૫ – ત્રીજું શ્રમણ સૂત્ર

પડિક્કમામિ - પાપનું નિવારણ કરું છું

ચાઉક્કાલં - ચાર વખત (સવાર, સાંજ, આગલી રાત્રે, પાછલી રાત્રે)

સજ્ઝાયસ - સ્વાધ્યાયને

અકરણાઆએ - નહિ કરવા વડે

ઉભઓ કાલં - બન્ને વખત

ભંડોવગરણરસ - પાત્રા અને વસ્ત્ર આદિની

અપ્પડિલેહણાએ - પ્રતિલેખના નહિ કરવા વડે, નજરે નહિ જોવા વડે

દુપ્પડિલેહણાએ - માઠી રીતે પ્રતિલેખના કરવા

અપ્પમજ્જણાએ - નહિ પોંજવા વડે

દુપ્પમજ્જણાએ - માઠી રીતે પોંજવા વડે

અઈક્કમે - અતિક્રમ કીધો હોય (પાપ કરવાનો વિચાર)

વઈક્કમે - વ્યતિક્રમ કીધો હોય (પાપ કરવાને તૈયાર થયો હોય)

અઈયારે - અતિચાર (પાપને સ્પર્શ કરવા તૈયારી કરવી તે)

અણાયારે - અનાચાર તે પાપ કીધું હોય

જો મે દેવસિયો - જે મે દિવસ સંબંધી
અઈયારો કઓ - પાપ કીધું હોય
તસ્સ મિચ્છામિ દુક્કડમ - તે મારું પાપ મિથ્યા થાઓ.

## પાઠ – ૨૬ ચોથું શ્રમણ સૂત્ર

પડિક્કમામિ - પાપનું નિવારણ કરું છું
એગવિહે - એક પ્રકારના
અસંજમે - અવિરતીરૂપ અસંયમથી
પડિક્કમામિ - નિવર્તું છું
દોહિં બંધણેહિં - બે પ્રકારના બંધનથી
રાગ બંધણેણં - રાગ (સ્નેહ)ના બંધનથી
દોસ બંધણેણં - દ્વેષના બંધનથી
પડિક્કમામિ - નિવર્તું છું
તિહિં દંડેહિં - ત્રણ પ્રકારના દંડથી
મણ દંડેણં - મનના દંડથી (ખરાબ વિચારથી)
વય દંડેણં - વચનના દંડથી (ખરાબ ઉચ્ચારથી)
કાયા દંડેણં - કાયાના દંડથી (શરીરના અજતનાએ પ્રર્વતાવાથી)
પડિક્કમામિ - નિવર્તું છું
તિહિં ગુતિહિં - ત્રણ પ્રકારના ગુપ્તિને લગતા દોષો કે પ્રમાદ સેવનથી
મણ ગુત્તીએ - મનોગુપ્તિથી મનને ગોપવી રાખવું તે
વય ગુત્તીએ - વચનને ગોપવું
કાય ગુત્તીએ - કાયાને ગોપવી રાખવી તે
પડિક્કમામિ - નિવર્તું છું
તિહિં સલ્લેહિં - ત્રણ શબ્દથી (શલ્ય એટલે શૂળ કાંટો તેની પેઠે દુઃખ દાયક)
માયા સલ્લેણં - કપટ શલ્યથી
નિયાણ સલ્લેણં - નિયાણ શલ્યથી (ફળની ઈચ્છારૂપ શલ્યથી)
મિચ્છા દંસણસલ્લેણં – મિથ્યારૂપી શલ્ય (કુદેવ, કુગુરુ અને કુધર્મમાં શ્રદ્ધાથી)
પડિક્કમામિ - નિવર્તું છું
તિહિં ગારવેહિં - ત્રણ પ્રકારના ગર્વથી (અભિમાનથી)

ઈડ્ઢિ ગારવેણં - ઋદ્ધિના ગર્વથી

રસ ગારવેણં - રસના ગર્વથી (સ્વાદની લોલુપતા)

સાયા ગારવેણં - સાતના ગર્વથી (સુખોના ગર્વથી)

પડિક્કમામિ – પાપથી નિવર્તું છું

તિહિં વિરાહણાહિં - ત્રણ પ્રકારના વિરાધનાથી

નાણ વિરાહણાએ - જ્ઞાનની વિરાધનાથી (જ્ઞાનની અંતરાય, જ્ઞાનની નિંદા, અકાળે સ્વાધ્યાય વગેરે)

દંસણ વિરાહણાએ - સમકિતની વિરાધનાથી (જૈન સિદ્ધાંતને વિષે અશ્રદ્ધા)

ચરિન્ત વિરાહણાએ - ચારિત્રની વિરાધનાથી (વ્રતાદિના ખંડનથી)

પડિક્કમામિ – પાપથી નિવર્તું છું

ચઉહિંકસાએહિ - ચાર પ્રકારના કષાયોથી

કોહં કસાએણં - ક્રોધ કષાયથી

માણં કસાએણં - માન કષાયથી

માયા કસાએણં - માયા કપટ કષાયથી

લોહ કસાએણં - લોભ કષાયથી

પડિક્કમામિ - પાપનું નિવારણ કરું છું

ચઉહિં સણ્ણાહિં - ચાર પ્રકારની સંજ્ઞા (ઈચ્છાથી)

આહાર સણ્ણાએ - આહારની ઈચ્છા

ભય સણ્ણાએ - બહીક ભોગવવી

મેહૂણ સણ્ણાએ - મૈથુનની ઈચ્છા

પરિગ્ગહ સણ્ણાએ - દોલત વસ્ત્રાદિની ઈચ્છા

પડિક્કમામિ - પાપનું નિવારણ કરું છું

ચઉહિં વિકહાહિં - ચાર પ્રકારની વિકથાથી (પાપ કથાથી)

ઈત્થી કહાએ - સ્ત્રી સંબંધી કથાથી

ભત્ત કહાએ - ભોજન સંબંધી કથાએ

દેસ કહાએ - દેશ સંબંધી કથાએ

રાય કહાએ - રાજ્ય સંબંધી કથાથી

પડિક્કમામિ - પાપનું નિવારણ કરું છું

ચઉહિં ઝાણેહિં - ચાર ધ્યાન સંબંધી દોષથી (તેમાં પ્રથમના બે આદર્યાથી અને પછીના બે નહિ આદરવાથી)

અટ્ટેણં ઝાણેણં - આર્ત ધ્યાન કરવાથી (શોક, રુદન, વિલાપ, માઠી ચિંતવણા કરવાથી)

રૂદેણં ઝાણેણં - રૌદ્ર ધ્યાન કરવાથી (અન્ય જીવને વધ, બંધન આદિ થાય એમ ચિંતવણા કરવાથી)

ધમ્મેણં ઝાણેણં - ધર્મ સંબંધી ધ્યાન (ન ધરવાથી)

સુક્કેણં ઝાણેણં - શુકલ ધ્યાન (નિર્મળ ધ્યાન ન ધરવાથી)

પડિક્કમામિ - પાપનું નિવારણ કરું છું

પંચહિં કિરિયાહિં - પાંચ પ્રકારની ક્રિયા

કાઈયાએ - શરીરથી થતી હાલવા ચાલવા જેવી ક્રિયાથી

અહિગરણિયાએ - અધિકરણ ક્રિયાથી (હથિયાર આદિ સાધનોથી થતી હિંસાથી)

પાઉસિયાએ - દ્વેષ રૂપ ક્રિયાથી

પારિતાવણિયાએ - (પોતાના અથવા બીજાના) પરિતાપ સંતાપ ક્રિયાથી

પાણાઈવાયકિરિયાએ - જીવ ઘાત ક્રિયાથી

પડિક્કમામિ - પાપનું નિવારણ કરું છું

પંચહિં કામ ગુણેહિં - પાંચ પ્રકારનાં વિષયને ઉત્તેજન આપનાર કામ ગુણોથી

સદેણં - શબ્દથી (ગાનતાન કરવાથી)

રૂવેણં - (સ્ત્રી આદિના) રૂપ નિરખવાથી

ગંધેણં - ગંધથી સુંગંધથી

રસેણં - રસ સ્વાદથી લેવા વડે

ફાસેણં - સ્પર્શથી (સારા સારા સ્પર્શથી)

પડિક્કમામિ - પાપનું નિવારણ કરું છું

પંચહિં મહવ્વએહિં - પાંચ પ્રકારનાં મહાવ્રતના દોષથી

સવ્વાઓ પાણાઈવાયાઓ વેરમણં - સર્વથા પ્રકારે જીવની હિંસા કરવાથી (ત્રણ કરણ અને ત્રણજોગ એમ મળીને નવ કોટીએ)

સવ્વાઓ મુસાવાયાઓ વેરમણં - સર્વથા પ્રકારે જૂઠું બોલવાથી નિવર્તું છું

સવ્વાઓ આદિન્ના દાણાઓ વેરમણં - અણ દીધેલી વસ્તું લેવાથી નિવર્તું છું

સવ્વાઓ મેહુણાઓ વેરમણં - સર્વથા પ્રકારે મૈથુન સેવવાથી

સવ્વાઓ પરિગ્ગહાઓ વેરમણં - દોલત રાખવાથી નિવર્તું છું

પડિક્કમામિ - પાપનું નિવર્તું છું

પંચહિં સમઈહિં - પાંચ પ્રકારની સમિતિના દોષથી

ઈરિયાસમિઈએ - માર્ગે ચાલવાથી સમિતિમાં લાગેલ દોષથી

ભાસા સમિઈએ - બોલતાં દોષ ન લાગે તેવું બોલવું તે સમિતિ

એસણા સમઈએ - દોષ રહિત આહાર પાણી લેવાની સમિતિમાં (લાગેલા દોષથી)

આયાણ ભંડમત્ત નિક્ખેવણાસમઈએ - પાત્રા આદિ વસ્તુઓ લેતાં મૂકતાં જતના રાખવાની સમિતિમાં (લાગેલા દોષથી)

ઉચ્ચાર પાસવણ ખેલ જલ્લસિંઘાણ પારિટ્ઠાવણિયા સમિઈએ

જંગલ, પેશાબ, બળખો, મેલ, લીંટ વગેરે જતનાએ પરઠવવારૂપ સમિતિમાં (લાગેલા દોષથી)

પડિક્કમામિ - પાપનું નિવારણ કરું છું

છહિં જીવ નિકાએહિ - છ પ્રકારના જીવના સમુહની વિરાધનાના દોષથી નિવારણ કરું છું

પુઢ વિકાએણં - પૃથ્વીકાયની રક્ષામાં લાગેલ દોષથી (મોટી, પથ્થર મીઠું વગેરે)

આઉ કાએણં - પાણાના જૂવોની રક્ષામાં લાગેલ દોષથી

તેઉ કાએણં - અગ્નિકાયના જીવોની રક્ષમાં લાગેલ દોષથી

વાઉકાએણં - વાયરાના જીવોની રક્ષામાં લાગેલ દોષથી

વણસ્સઈ કાએણં - વનસ્પતિના જીવોની રક્ષામાં લાગેલ દોષથી

તસ કાએણં - ત્રણ કાયના જીવોની રક્ષામાં લાગેલ દોષથી (બે ઇન્દ્રિથી પંચેન્દ્રિ સુધીના હાલતા ચાલતા જીવો

પડિક્કમામિ - પાપનું નિવર્તું છું

છહિં લેસાહિં - છ પ્રકારની લેશ્યામાં લાગેલા દોષથી

કિણ્હ લેસાએ - કૃષ્ણ લેશ્યાથી (હિંસાદિક અત્યંત મલીન પરિણામ)

નીલ લેસાએ - નીલ લેશ્યા (ક્રોધ, દ્વેષ આદિ દુરાચાર કરવાનું મન)

કાઉ લેસાએ - વાકાં કાર્ય કરવાં, સરલપણારહિત પોતાના દોષ ઢાંકવાં, મિથ્યાત્વ તથા અનર્થપણું તે

તેઉ લેસાએ - તેજો લેશ્યા (આત્માના શુભ પરિણામનું આચરણ નહિ કરવાથી

પઉમ લેસાએ - પદ્ય લેશ્યા (આત્માના શુભંતર પરિણામનું આચરણ નહિ કરવાથી)

સુક્ક લેસાએ - શુકલ લેશ્યા

પડિક્કમામિ - પાપનું નિવર્તું છું

સત્તહિં ભય દ્દાણેહિં - સાત પ્રકારના ભયનાં ઠેકાણાથી (૧) ઇહલોક ભય (૨) પરલોક ભય (૩) ધન ભય (૪) અકસ્માત ભય (૫) આજીવિકા ભય (૬) મરણ ભય (૭) અપજશ ભય

અટ્ટહિં મય ઠાણેહિં - આઠ પ્રકારના મદ ઠેકાણા (૧) જાતિ (૨) કુળ (૩) બળ (૪) રૂપ (૫) તપ (૬) લાભ (૭) સૂત્ર (૮) મોટાઈ

નવહિં બંભચેરગુત્તીહિં - નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિમાં (પ્રમાદથી લાગેલા દોષો) થી

દસવિહે સમણદામ્મે - દશ પ્રકારના સાધુધર્મમાં (લાગેલા અતિચારથી)

એક્કરસિહં ઉવાસગપડિમાહિ - અગિયાર પ્રકારની શ્રાવકની પડિમા (સંબંધી લાગેલા અતિચારથી)

બારસહિં ભિક્ખુ પડિમાહિં - બાર પ્રકારની સાધુ પડિમામા (લાગેલા દોષથી નિવર્તું છું)

તેરસહિં કિરિયા ઠાણેહિં - તેર પ્રકારનાં ક્રિયાનાં સ્થાનકો સંબંધી લાગેલા દોષોથી નિવર્તું છું
ચઉદસહિં ભૂયગામેહિં - ચૌદ પ્રકારનાં ભૂતગામ એટલે પ્રાણી સમુદાય સંબંધી લાગેલા દોષોથી નિવર્તું છું
પન્નરસહિં પરમાહમ્મિએહિં - પંદર પ્રકારના પરધાર્મિક (પરમાધામિ) ના પાપના અનુમોદના વગેરે નિવર્તુ છું
સોલસહિંગાહા સોલસએહિં - સૂયગડાંગ સૂત્રના પહેલા શ્રુતસ્કંધના ૧૬ અધ્યયનું પઠન નહિ કરવાથી
સત્તરસવિંહે અસંજમેહિ - સત્તર પ્રકારના અસંયમથી નિવર્તું છું
અટ્ઠારસવિહે અબંભેહિ - અઢાર પ્રકારના અબ્રહ્મચર્યથી નિવર્તું છું
એગૂણવીસાએ ણાયજઝણેહિં - શ્રી જ્ઞાતાજી સૂત્રના ઓગણીશ અધ્યયન્નો અભ્યાસ ન કરવાં વગેરે દોષોથી નિવર્તું છું
વીસાએ અસમાહિઠાણેહિં - વીસ પ્રકારના અસમાધિના સ્થનોથી નિવર્તું છું
એગવીસાએ અબલેહિ - અકવીસ પ્રકારના સબળા દોષ કે જેથી ચારિત્રને હાનિ પહોંચે એ તેથી નિવર્તું છું
બાવીસાએ પરિસેહેહિં - બાવીસે પરિષહો (માં લાગેલા દોષો)થી નિવર્તું છું
તેવીસાએ સુયગડ જઝયણેહિં - સુયગડાંગ સૂત્રના બન્ને શ્રુત સ્કંધન મળીને ૨૩ અધ્યયન છે તેમા વિપરીત શ્રદ્ધા પ્રરૂપણ આદિ દોષોથી નિવર્તું છું
ચઉવીસાએ દેવેહિં - ચોવીસ જાતના દેવોની અશાતનાથી લાગેલા દોષોથી નિવર્તું છું
પણવીસાએ ભાવણાહિં - પચીસ પ્રકારની ભાવના નહિ ભાવવાથી, અથવા તે સંબંધી લાગેલા દોષોથી નિવર્તું છું
છવ્વીસાએ દસા કપવવહારેણં ઉદેસણં કાલેણં - દશાશ્રુતસ્કંધના ૧૦, બૃહ્દ કલ્પના ૬, અને વ્યવહાર સૂત્રના ૧૦ અધ્યયનોએ કુલ ૨૬ અધ્યયનો છે તેના વિષે શ્રદ્ધા પ્રરુપણા સંબંધી દોષોથી નિવર્તું છું
સત્તાવીસાએ અણગાર ગુણેહિં - સાધુજીના સત્તાવીશે ગુણો સંબંધી લાગેલા દોષોથી નિવર્તું છું
અઠ્ઠાવીસાએ આયારપ્પ કપ્પેહિં - સાધુજીના આચારના અઠ્ઠાવીસ (૨૫ આચારંગનાં અને ૩ નિશીથ સૂત્રના) અધ્યયનો વિરુદ્ધ શ્રદ્ધા પ્રરૂપણા દ્વારા લાગેલા દોષોથી નિવર્તું છું
સૂત્રના અધ્યયનો વિરુદ્ધ શ્રદ્ધા પ્રરૂપણા દ્વારા લાગેલા દોષોથી નિવર્તું છું
એ ગુણતીસાએ પાવસુયપાસંગેહિં - ઓગણત્રીસે પાપસૂત્રોના પ્રસંગોથી નિવર્તુ છું
તીસાએ મહામોહાણિય દ્વાણેહિં - ત્રીસે પ્રકારના મહામોહનીય ઠેકાણાં છે
એગતીસાએ સિધ્ધાઇ ગુણેહિં - સિધ્ધ ભગવંતોના એકત્રીસ ગુણો વિરુદ્ધ શ્રદ્ધા પ્રરૂપણા દ્વારા લાગેલા દોષોથી નિવર્તું છું
બત્તીસાએ જોગ સંગહેહિં - બત્રીશે પ્રકારના શુભયોગ સંગ્રહ સંબંધી પ્રમાદ આદિ દ્વારા લાગેલા દોષોથી

નિવર્તું છું
તેત્તીસાએ આસાયણાએ - તેત્રીસ પ્રકારની ગુરુની આશાતનાના દોષોથી નિવર્તું છું
અરિહંતાણં આસાયણાએ - અરિહંત દેવની આશાતના કરી હોય, એટલે તેમને વિષે ખોટું ચિંતવ્યું હોય
સિધ્ધાણં આસાયણાએ - સિદ્ધ ભગવાનની આશાતના કરી હોય, તે વિષે કાંઈ સંદેહ કર્યો હોય
આયરિયાણં આસાયણાએ - આચાર્યજીની આશાતના કરી હોય
ઉવજઝાયણં આસાયણાએ - ઉપાધ્યાયજીની આશાતના કરી હોય
સાહૂણં આસાયણાએ - સાધુજીની આશાતના કરી હોય
સાહૂણીણ આસાયણાએ - સાધ્વીજીની આશાતના કરી હોય
સવિયણં આસાયણાએ - શ્રાવકની આશાતના કરી હોય
સાવિયાણ આસાયણાએ - શ્રાવિકાની આશાતના કરી હોય
દેવાણ આસાયણાએ - દેવોની આશાતના કરી હોય, શ્રદ્ધા ન આણી હોય
દેવીણં આસાયણાએ - દેવીની આશાતના કરી હોય
ઈહલોગસ્સ આસાયણાએ - આ લોકમાં જે મનુષ્ય તિર્યચના ભવ તેની નાસ્તિ કહી આશાતના કરી હોય
પરલોગસ્સ આસાયણાએ - પરલોક જે દેવતા નારકીના ભવ તેની નાસ્તિ કહી આશાતના કરી હોય
કેવલીણં આસાયણાએ - કેવલ જ્ઞાન ને વિષે શંકા લાવી તેની આશાતના કરી હોય
કેવલી પન્નતસ્સ ધમ્મસ આસાયણાએ - કેવળીના પ્રરૂપેલ ધર્મનું માઠું બોલી તેની આશાતના કરી હોય
સદેવ મણુય આસુસ્સ લોગસ્સઆસાયણાએ - દેવ મનુષ્ય અને અસુર સહિત જે લોકો તેની શ્રદ્ધા ન રાખી આશાતના કરી હોય
સવ્વ પાણ ભૂય જીવ સત્તાણું આસાયણાએ - સર્વે પ્રાણ (૨-૩-૪ ઈન્દ્રિયવાળા જીવ) ભૂત વનસ્પતિ જીવ (પંચેન્દ્રિય) સવ્વ (પ્રુથ્વી) પાણી અગ્નિ વાયુ) એકન્દ્રિયો તે સર્વની શ્રદ્ધા ન રાખી આશાતના કરી હોય
કાલસ્સ આસાયણાએ – ત્રણ (વર્તમાન, ભૂત, ભવિષ્ય) કાળ નથી એમ કહી આશાતના કરી હોય
સુયસ્સ આસાયણાએ - સૂત્ર સિદ્ધાંત શ્રુતજ્ઞાનની આશાતના કરી હોય
સુયસ્સ દેવયયાએ આસાયણાએ - શ્રુતદેવતા ગણધર તીર્થંકર દેવની આશાતના કરી હોય
વાયણારિયસ્સ આસાયણાએ - વાંચણી આપનાર આચાર્યની આશાતના કરી હોય
જં વાઈધ્ધં - જે સૂત્ર આધા પાછાં ભણાયા હોય
વચ્ચ મેલિયં - ધ્યાન વિના સૂત્રો ભણાયા હોય
હિણક્ખરં - અક્ષરો ઓછા ભણાયા હોય
અચ્ચક્ખરં - અક્ષરો અધિક ભણાયા હોય
પયહીણં - પદ ઓછું ભણાયું હોય
વિણયહિણં - વિનય રહિત ભણાયું હોય

જોગહીણં - મન, વચન કાયાના અસ્થિર યોગે ભણાયું હોય
ઘોસહિણં - શુધ્ધ ઉચ્ચાર વિના ભણાયું હોય
સુઠ્ઠદિન્નં - રૂડું જ્ઞાન અવિનીતને દીધું હોય
દુઠ્ઠુ પડિચ્છિયં - અવિનીતપણું જ્ઞાન લીધુ હોય
અકાલે કઓ સજઝાઓ - અકાળે સજઝાય કરી હોય
કાલે ન કઓ સજઝાઓ - સજઝાય કરવાને વખતે ન કરી હોય
અસજઝાએ સજ્ઝાંયં - સજઝાય ન કરવા યોગ્ય સ્થળે સજઝાય કરી હોય
સજઝાઇએ ન સજ્ઝાંયં - સજઝાય કરવા યોગ્ય સ્થળે ન કરી હોય
તસ્સ મિચ્છામિ દુક્કડમ - તે મારું પાપ મિથ્યા થાઓ.

એક બોલથી માંડીને તેત્રીસ બોલ સુધીમાં, મારા જીવે આજના દિવસ સંબંધી, જાણવા જોગ બોલ જાણ્યા ન હોય, આદરવા જોગ બોલ આદર્યા ન હોય, અને છાંડવા જોગ બોલ છાંડ્યા ન હોય, તો અરિહંત અનંત સિધ્ધ ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.

ધન્ય છે તે મહાપુરુષોને જેઓ જાણવા જોગ બોલ જાણતા હશે, આદરવા જોગ આદરતા હશે અને છાંડવા જોગ છાંડતા હશે, તેમને મારી તમારી સમય સમયની વંદના હોજો.

## પાઠ ૨૭ - પાંચમું શ્રમણ સૂત્ર

નમો ચઉવીસાએ તિથ્થયરાણં - ચોવીસે તીર્થંકરોને મારા નમસ્કાર
ઉસભાઈ મહાવીર પજ્જવસણાણં - શ્રી ઋષભદેવથી મહાવીર સ્વામી પર્યંત ભક્તિ કરું છું
ઈણમેવ નિગ્ગંથ - એવા આ જ નિગ્રઁથ (બાહ્ય અને અભ્યંતર પરિગ્રહ રહિતનાં)
પાવયાણં - પ્રવચન = જિનવાણી આગમ શાસ્ત્રો
સચ્ચ - સત્ય છે
અણુત્તંર - ઉત્તમ છે
કેવલિયં - કેવળજ્ઞાનીએ પ્રરૂપેલ છે
પડિપુન્નં - પ્રતિપૂર્ણ છે
નેયાઉયં - ન્યાયયુક્ત છે
સંસુધ્ધં - દરેક રીતે શુદ્ધ, નિઃકલંકી છે
સલ્લકત્તણં - (ત્રણે) શલ્યને કાતરની માફક કાપનાર

સિધ્ધિ મગ્ગં - સિદ્ધ થવાનો માર્ગ છે

મુત્તિ મગ્ગં - (આઠ કર્મથી) મુક્ત થવાનો માર્ગ છે

નિજ્જાણ મગ્ગં - સકળ કર્મનો છેડો લાવવાનો માર્ગ છે

નિવ્વાણ મગ્ગં - નિર્વાણ થવાનો માર્ગ છે કર્મતાપ નિવારી શીતલતા પામવાનો માર્ગ છે

અવિતહમવિસંધિ - પૂર્વાપર વિરોધ રહિત સંદેહ રહિત સદા શાશ્વત રૂપ સત્ય છે

સવ્વ દુક્ખ પહીણમગ્ગં - સર્વ દુઃખને ક્ષય કરવાનો માર્ગ છે

ઈત્થં ક્રિયા જીવા - આ માર્ગને વિષે રહેલા જીવો

સિજઝંતિ - સિદ્ધ થાય છે

બુજઝંતિ - બુદ્ધ (સર્વજ્ઞ) થાય છે

મુચ્ચંતિ - સર્વ કર્મથી મુક્ત થાય છે

પરિનિવ્વાયંતિ - સર્વ પ્રકારે નિર્વાણ પામે છે

સવ્વદુક્ખાણમંતંકરંતિ - સર્વ દુઃખોનો અંત કરે છે

તં ધમ્મં - તે ધર્મને

સદાહામિ - શ્રદ્ધા કરું છું

પત્તિયામિ - પ્રતીતિ કરું છું

રોએમિ - રુચિ કરૂ છું

ફાસેમિ - સ્પર્શ કરું છું સેવું છું

પાલેમિ - પાળુ છું

અણપાલેમિ - વિશેષ પાળુ છું

તં ધમ્મં - તે ધર્મ ને વિશે

સદંહતો - શ્રદ્ધા રાખતો થકો

પત્તિયંતો - પ્રતીતિ કરતો થકો

રોયંતો - રુચિ આણતો થકો

ફાસંતો - સ્પર્શતા થકો

પાલંતો - પાળતો થકો

અણુપાલતો - વિશેષ પાળતો થકો

તસ્સ ધમ્મસ્સ - તે ધર્મથી

કેવલીપન્નતસ્સ - કેવળી ભગવાને પ્રરૂપેલા

અબ્ભુટિકઓમિ આરાહણાએ - આરાધનાને વિષે હું ઉધમવંત છું

વિરેઓમિ વિરાહણાએ - અને વિરાધના કરવાથી અટકું છું

અસંજમં પરિયાણામિ - અસંયમને છોડું છું

સંજ્મં ઉવસંપજ્જામિ - સંયમને અંગીકાર કરું છું

અબંભં પરિયાણામિ - અબ્રહ્મચર્ય છોડું છું

બંભં ઉવસંયજ્જામિ - બ્રહ્મચર્યને અંગીકાર કરું છું

અકપ્પં પરિયાણામિ - અકલ્પનિક છોડું છું

કપ્પં ઉવસંપજ્જામિ - કલ્પનિકને અંગીકાર કરૂં છું

અન્નાણં પરિયાણામિ - અજ્ઞાનને છોડું છું

નાણં ઉવસંપજ્જામિ - જ્ઞાનને અંગીકાર કરું છું

અકિરિયં પરિયાણામિ - અક્રિયાને છોડું છું

કિરિયા ઉવસંપજ્જામિ - ક્રિયાને અંગીકાર કરું છું

મિચ્છતં પરિયાણામિ - મિથ્યાત્વને છોડું છું

સમ્મતં ઉવસંપજ્જામિ - સમકિતને અંગીકાર કરું છું

અબોહિં પરિયાણામિ - દુર્બોધને છોડું છું

બોહિં ઉવસંપજ્જામિ - સુબોધને અંગીકાર કરું છું

અમગ્ગં પરિયાણામિ - (જિન માર્ગથી વિપરીત એવા ઉન્માર્ગ છોડું છું

મંગં ઉવસંપજ્જામિ - મોક્ષ માર્ગ (જ્ઞાન, દર્શન ચારિત્ર તપ ને અંગીકાર કરું છું

જં સંભરામિ - જે દોષમને સાંભરે છે અને

જં ચન સંભરામિ - જે દોષ મને નથી સાંભરતા

જં પડિક્કમામિ - જેનું મેં પ્રાયશ્ચિત લીધું છે

જં ન પડિક્કમામિ - જેનું મેં પ્રાયશ્ચિત નથી લીધું

તસ્સ સવ્વસ્સ - તે સર્વ

દેવસિઅસ્સ - દિવસ સંબંધી

અઈયાસ્સ - અતિચારોને

પડિક્કમામિ - હું પડિક્કમું છું (નિવર્તું છું)

સમણોડહં - હું શ્રમણ છું

સંજય - સંયતિ છું

વિરય - સંસારથી વિરક્ત થયો છું

પડિહ્રય - હણ્યાં છે

પચ્ચકખાય - પચ્ચક્ખાણ કરીને

પાવકમ્મો - પાપને અને કર્મોને

અનિયાણો - નિયાણ રહિત છું
દિટ્ટિ સંપન્નો - સમકિત દષ્ટિ સહિત છું
માયામોસો વિવજ્જિઓ - કપટ સહિત જૂઠથી રહિત થયો છું (તેથી)
અડ્ડાઈ જે સુદીવ સમુદેદુ - અઢી ધ્વિપ અને સમુદ્રને વિષે
પન્નરસ કમ્મભૂમિસુ - પંદર કર્મભૂમિને વિષે
જાવંતિ કેઈસાહુ - જે કોઈ સાધુ રહેલા છે (તેઓ કેવા છે)
રયહરણ ગુચ્છગ પડિગ્ગહધારા - રજોહરણ ગુચ્છો અને પાત્રાં રાખનારા
પંચ મહવ્વધારા - પંચ મહાવ્રતોને ધારણ કરનારા
અટ્ઠારસ સહસ્સ સિલાગ રથધારા - અઢાર હજારે બ્રહ્મચર્યના શીલરૂપી રથના ધારનાર છે
અકખય આચારચરિન્તા - જેઓ અક્ષય પરિપૂર્ણ આચારવાળા છે ચારિત્રવાળા છે
તે સવ્વે - તેઓ સર્વને
સિરસા - મસ્તક વડે
મણસા - શુદ્ધ અંતઃકરણથી મનથી
મત્થેણ વંદામિ - મસ્તક નમાવીને વંદના કરૂં છું
ઈતિ અતિચાર આલોવ્યા, પડિક્કમ્યા, નિંધાં, નિઃશલ્ય થયા વિશેષે, વિશેષે અરિહંત સિદ્ધ કેવળી ગણધરજી, આચાર્યજી, ઉપાધ્યાયજી, સાધુ, સાધ્વી ગુર્વાદિક ને ભુજો ભુજો કરી ખમાવું છું.

## પહેલા ખામણાં

પહેલા ખામણાં શ્રી અરિહંત દેવોને

(બન્ને ઢીંચણ નીચાં ઢાળી ખામણાં બોલવા)

પહેલા ખામણાં શ્રી પંચ મહાવિદેહ ક્ષેત્રને વિષે જયવંતા તીર્થંકર દેવ બિરાજે છે તેમને કરૂં છું. તે સ્વામીના ગુણગ્રામ કરતાં જઘન્ય રસ ઊપજે તો કર્મની ક્રોડું ખપે, અને ઉત્કુષ્ટો રસ ઊપજે તો જીવ તીર્થંકર નામ ગોત્ર ઉપાર્જે, હાલ બિરાજતા વીશ તીર્થંકરોના નામ :

૧. શ્રી સીમંધર સ્વામી
૨. શ્રી જુગમંધર સ્વામી
૩. શ્રી બાહુ સ્વામી
૪. શ્રી સુબાહુ સ્વામી
૫. શ્રી સુજાતનાથ સ્વામી

૬. શ્રી સ્વયંપ્રભ સ્વામી
૭. શ્રી ઋષભાનન સ્વામી
૮. શ્રી અનંતવીર્ય સ્વામી
૯. શ્રી સુરપ્રભ સ્વામી
૧૦. શ્રી વિશાલપ્રભ સ્વામી
૧૧. શ્રી વજ્રધર સ્વામી
૧૨. શ્રી ચન્દ્રાનન સ્વામી
૧૩. શ્રી ચંદ્રબાહુ સ્વામી
૧૪. શ્રી ભુજંગદેવ સ્વામી
૧૫. શ્રી ઈશ્વર સ્વામી
૧૬. શ્રી નેમપ્રભ સ્વામી
૧૭. શ્રી વીરસેન સ્વામી
૧૮. શ્રી મહાભદ્ર સ્વામી
૧૯. શ્રી દેવજસ્સ સ્વામી
૨૦. શ્રી અજિતસેન સ્વામી

તે જઘન્ય તીર્થંકર ૨૦ અને ઉત્કુષ્ટ હોય તો ૧૬૦. તેમને મારી તમારી સમય સમયની વંદના હોજો

તે સ્વામીનાથ કેવા છે ? મારા તમારા મનમનની વાત જાણી દેખી રહ્યા છે, ઘટઘટની વાત જાણી દેખી રહ્યા છે, સમય સમયની વાત જાણી દેખી રહ્યા છે, ચૌદ રાજલોક અંજલિ જલ પ્રમાણે જાણી દેખી રહ્યા છે, તે સ્વામીને અનંતું જ્ઞાન છે, અનંતુ દર્શન છે, અનંતુ ચારિત્ર છે, અનંતુ તપ છે, અનંતુ ધૈર્ય છે અને અનંતુ વીર્ય છે, ષટે (છ) ગુણે કરી સહિત છે, ચોત્રીસ અતિશયે કરી બિરાજમાન છે, પાંત્રીશ પ્રકારની સત્ય,વચન, વાણીના, ગુણે કરી સહિત છે, એક હજાર ને અષ્ટ ઉત્તમ લક્ષણે કરી સહિત છે, અઢાર દોષ રહિત છે, બાર ગુણે કરી સહિત છે, ચાર કર્મ ઘનઘાતી ક્ષય કર્યા છે, બાકીનાં ચાર કર્મ ક્ષય કરી મુક્તિ જવાના કામી થઈ વિચરે છે,

ભવ્ય જીવના સંદેહ ભાંગે છે, સજોગી, સશરીરી, કેવળજ્ઞાની, કેવળ દર્શની, યથાખ્યાત ચારિત્રના ધારણહાર છે, ક્ષાયિક સમકિત, કલધ્યાન, શુકલ લેશ્યા, શુભ જોગ સહિત છે, ૬૪ ઈંદ્રોંના જતિક, વંદનિક, અર્ચનિક છે. પંડિત વીર્ય આદિ અનંતગુણે કરી સહિત છે.

ધન્ય તે ગ્રામ, નગર, રાયહાણી, પૂર, પાટણ જ્યાં જ્યાં પ્રભુ દેશના દેતા થકા વિચરતા હશે, ત્યાં ત્યાં રાઈસર, તલવર, માડંબી, કોડંબી, શેઠ, સેનાપતિ, ગાથાપતિ, સ્વામિની દેશના સાંભળી કર્ણ પવિત્ર કરતા હશે, તેમને ધન્ય છે. અશનાદિક ચૌદ પ્રકારનું દાન દઈ કર પવિત્ર કરતા હશે, તેમને ધન્ય છે.

ધન્ય સ્વામીનાથ ! આપશ્રી પંચ મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજો છો, હું અપરાધી, દીન, કિંકર, ગુણહીન, અહીં બેઠો છું. આજના દિવસ સંબંધી આપનાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપને વિષે જે કાંઈ અવિનય, આશાતના, અભક્તિ, અપરાધ કીધો હોય તો હાથ જોડી, માન મોડી, મસ્તક નમાવી, ભુજો ભુજો (વારંવાર) કરી ખમાવું છું. *(અહીં તિખ્ખુત્તોનો આખો પાઠ ત્રણ વાર બોલવો.).*

## બીજાં ખામણાં

બીજાં ખામણાં - શ્રી સિદ્ધ ભગવંતોને

બીજા ખામણાં અનંતા સિદ્ધ ભગવંતોને કરૂં છું. તે ભવગવંતોના ગુણગ્રામ કરતાં જઘન્ય રસ ઊપજે તો કર્મની ક્રોડો ખપે, અને ઉત્કુષ્ટો રસ ઉપજે, તો આ જીવ તીર્થંકર નામ ગોત્ર ઉપાર્જે.

આ ભરતક્ષેત્રને વિષે ચોવીસ તીર્થંકરો સિધ્ધ થયા. તેમના નામ કહું છું.

૧. શ્રી ઋષભદેવ સ્વામી
૨. શ્રી અજીતનાથ સ્વામી
૩. શ્રી સંભવનાથ સ્વામી
૪. શ્રી અભિનંદન સ્વામી
૫. શ્રી સુમતિનાથ સ્વામી
૬. શ્રિ પદ્મપ્રભુ સ્વામી
૭. શ્રી સુપાર્શ્વનાથ સ્વામી ક્શ
૮. શ્રી ચંદ્રપ્રભુ સ્વામી
૯. શ્રી સુવિધિનાથ સ્વામી
૧૦. શ્રી શીતલનાથ સ્વામી

૧૧. શ્રી શ્રેયાંસનાથ સ્વામી
૧૨. શ્રી વાસુપૂજ્ય સ્વામી
૧૩. શ્રી વિમળનાથ સ્વામી
૧૪. શ્રી અનંતનાથ સ્વામી
૧૫. શ્રી ધર્મનાથ સ્વામી
૧૬. શ્રી શાંતિનાથ સ્વામી
૧૭. શ્રી કુંથુનાથ સ્વામી
૧૮. શ્રી અરનાથ સ્વામી
૧૯. શ્રી મલ્લિનાથ સ્વામી
૨૦. શ્રી મુનિસુવ્રત સ્વામી
૨૧. શ્રી નેમિનાથ સ્વામી
૨૨. શ્રી નેમનાથ સ્વામી
૨૩. શ્રી પાર્શ્વનાથ સ્વામી
૨૪. શ્રી વીર વર્ધમાન મહાવીર સ્વામી

એ એક ચોવીસી આદિ અનંત ચોવીશી, પંદર ભેદે, સીઝી, બુઝી આઠ કર્મ ક્ષય કરી, મોક્ષ, પધાર્યા, તેમને મારી તમારી સમય સમયની વંદના હોજો ! તે આઠ કર્મના નામ (૧) જ્ઞાનાવરણીય (૨) દર્શનાવરણીય (૩) વેદનીય (૪) મોહનીય (૫) આયુષ્ય (૬) નામ (૭) ગોત્ર (૮) અંતરાય એ આઠ કર્મ ક્ષય કરી મુક્તિશિલાને વચ્ચે બિરાજે છે, તે મુક્તિશિલા કયાં છે ?

સમપુથ્વીથી ૭૯૦ જોજન ઊંચપણે તારા મંડળ આવે ત્યાંથી ૧૦ જોજન ઊંચે સૂર્યનું વિમાન છે, ત્યાંથી ૮૦ જોજન ઉંચપણે ચન્દ્રનું વિમાન છે. ત્યાંથી ૪ જોજન ઊંચપણે નક્ષત્રના વિમાન છે. ત્યાંથી ૪ જોજન ઊંચપણે બુધનો તારો છે, ત્યાંથી ૩ જોજાન ઊંચપણે શુક્રનો તારો છે, ત્યાંથી ૩ જોજાન ઊંચપણે બ્રુહસ્પતિનો તારો છે, ત્યાંથી ૩ જોજન ઊંચપણે મંગળનો તારો છે, ત્યાંથી ૩ જોજન ઊંચપણે છેત્રો શનિશ્વરનો તારો છે, એમ ૯૦૦ જોજન લગી જ્યોતિષ ચક્ર છે.

ત્યાંથી અસંખ્યાતા જોજનની ક્રોડા ક્રોડી ઊંચપણે બાર દેવલોક આવે છે, તેના નામ: (૧) સુધર્મ (૨) ઈશાન (૩) સનતકુમાર (૪) માહેંદ્ર (૫) બ્રહ્મલોક (૬) લાંતક (૭) મહાશુક્ર (૮) સહસ્ત્રાર (૯) આણત (૧૦) પ્રાણત (૧૧) આરણ અને (૧૨) અચ્યુત. ત્યાંથી અસંખ્યાતા જોજનની ક્રોડા ક્રોડી ઊંચપણે ચડીએ ત્યારે

નવ ગ્રૈવેયક આવે, તેનાં નામ: (૧) ભદ્રે ૨) સુભદ્રે (૩) સુજાએ (૪) સુમાણસે (૫) પ્રિયદંસણે (૬) સુદુંસણે (૭) આમોહે (૮) સુપડિબધ્ધે (૯) જસોધરે, તેમાં ત્રણ ત્રિક છે, પહેલી ત્રિક્માં ૧૧૧ વિમાન છે, બીજી ત્રિક્માં ૧૦૭ વિમાન છે, અને ત્રીજી ત્રિકમાં ૧૦૦ વિમાન છે, ત્યાંથી અસંખ્યાતા જોજનની ક્રોડા ક્રોડી ઊંચપણે ચડીએ ત્યારે પાંચ અનુત્તર વિમાન આવે તેનાં નામઃ (૧) વિજય (૨) વિજ્યંત (૩) જ્યંત (૪) અપરાજિત (૫) સર્વાંપ્રસિદ્ધ.

આ સર્વાંપ્રસિદ્ધ મહાવિમાનની ધ્વજાથી બાર જોજન ઊંચપણે મુક્તિશિલા છે, તે મુક્તિશિલા કેવી છે ? પિસ્તાલીશ લાખ જોજન લાંબી પહોળી છે, મધ્યે આઠ જોજનની જાડી છે, ઊતરતા છેડે માખીની પાંખ થકી પણ પાતળી છે, ઊજળી ગોખીર, શંખ, ચંદ્ર અંકરત્ન, રૂપાનો મોતીનો હાર અને ક્ષીર સાગરના પાણી થકી પણ અધિક ઊજળી છે.

તે સિદ્ધશિલા ઉપર એક જોજન, તેના છેલ્લા ગાઉના છઠ્ઠા ભાગને વિષે શ્રી સિદ્ધ ભગવાનજી નિરંજન નિરાકાર બિરાજી રહ્યા છે. તે સિદ્ધ ભગવંતજી કેવા છે ? અવર્ણે, અગંધે, અરસે, અફાસે, અમૂર્તિ, અવિનાશી, ભૂખ નહિ, દુઃખ નહિ, રોગ નહિ, જન્મ નહિ, જરા નહિ, મરણ નહિ, કર્મ નહિ, કાયા નહિ, અનંત અનંત આત્મિક સુખની લહેરમાં બિરાજી રહ્યા છે. ધન્ય સ્વામીનાથ ! આપ શ્રી સિદ્ધ ક્ષેત્રને વિષે બિરાજો છો, હું અપરાધી, દીનકિંકર, ગુણહીન અહી બેઠો છું, આપના જ્ઞાન, દર્શનને વિષે, આજના દિવસ સંબંધી, અવિનય, આશાતના, અભક્તિ, અપરાધ થયો હોય તો, હાથ જોડી, માન મોડી, મસ્તક નમાવી ભુજો ભુજો કરી ખમાવું છું.

*(અહીં તિખ્ખુત્તોનો પાઠ ત્રણ વખત બોલવો.)*

## ત્રીજા ખામણાં

ત્રીજા ખામણાં કેવળી ભગવાનોને

ત્રીજાં ખામણાં પંચ મહાવિદેહ ક્ષેત્રને વિષે, બિરાજતા જયવંતા કેવળી ભગવાનને કરૂં છું. તે સ્વામી જઘન્ય હોય તો બે ક્રોડ અને ઉત્કૃષ્ટ હોય તો નવ ક્રોડ કેવળી, તે સર્વેને મારી તમારી સમય સમયની વંદના હોજો !.

તે સ્વામી કેવા છે ? મારા તમારા મન મનની વાત જાણી દેખી રહ્યા છે, ઘટ ઘટની વાત જાણી દેખી રહ્યા છે, સમય સમયની વાત જાણી દેખી રહ્યા છે, ચૌદ રાજલોક અંજલિ જલ પ્રમાણે જાણી દેખી રહ્યા છે,

તેમને અનંતુ જ્ઞાન છે, અનંતુ દર્શન છે, અનંતુ ચારિત્ર છે, અનંતુ તપ છે, અનંતુ ધૈર્ય છે, અનંતુ વીર્ય છે, એ ષટે (છ) ગુણે કરી સહિત છે, ચાર કર્મ ઘનઘાતી ક્ષય કર્યા છે, બાકીનાં ચાર કર્મ ક્ષય કરી મુક્તિ જવાના કામી થકા વિચરે છે, ભવ્ય જીવોના સંદેહ ભાંગે છે, સંજોગી, સશરીરી, કેવળજ્ઞાની, કેવળદર્શની, યથાખ્યાત ચારિત્રના ધરણહાર છે, ક્ષાયિક સમકિત, શુક્લ ધ્યાન, શુક્લ લેશ્યા, શુભ ધ્યાન, શુભજોગ, પંડિત વીર્ય, આદિ અનંત ગુણે કરી સહિત છે

ધન્યતે સ્વામી ગામાગર, નગર, સમહાણી, જ્યાંજ્યાં દેશના દેતા થકા વેચરતા હશે, ત્યાં ત્યાં રાઈસર, તલવર, માડંબી, કોડંબી, શેઠ, સેનાપતિ, ગાથાપતિ, સ્વામિની દેશના સાંભળી કર્ણ પવિત્ર કરતા હશે, તેમને ધન્ય છે. સ્વામીના દર્શન દેદાર કરી, નેત્ર પવિત્ર કરતા હશે, તેમને ધન્ય છે, અવામીને અશનાદિક ચૌદ પ્રકારનું દાન દઈ, કર પવિત્ર કરતા હશે, તેમને પણ ધન્ય છે. ધન્ય સ્વામીનાથ ! આપ પંચ મહાવિદેહ ક્ષેત્રને વિષે બિરાજો છો, હું અપરાધી, દીનકિંકર, ગુણહીન, અહીં બેઠો છું. આજના દિવસ સંબંધી આપના જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપને વિષે અવિનય, આશાતના, અભક્તિ, અપરાધ થયો હોય તો, હાથ જોડી, માન મોડી, મસ્તક નમાવી, ભુજો ભુજો કરી ખમાવું છું.

*(અહીં તિખ્ખુત્તોનો પાઠ ત્રણ વખત બોલવો.)*

## ચોથા ખામણાં

ચોથા ખામણા - ગણધરજી, આચાર્યજી, ઉપાધ્યાયજીને

ચોથા ખામણા ગણધરજી, આચાર્ય ઉપાધ્યાયને કરું છું. ગણધરજી બાવન ગુણે કરી સહિત છે. આચાર્યજી છત્રીસ ગુણે કરી સહિત છે. ઉપાધ્યાયજી પચ્ચીસ ગુણે કરી સહિત છે. મારા તમારા ધર્મગુરુ, ધર્માચાર્ય, ધર્મઉપદેશના દાતાર, પંડિતરાજ, મુનિરાજ, મહાપુરુષ, ગીતાર્થ, બહુસુત્રી, સૂત્ર સિદ્ધાંતના પારગામી, તરણતારણ, તારણી નાવ સમાન, સફરી જહાજ સમાન, રત્ન ચિંતામણી સમાન જિનશાસનના શણગાર, ધર્મના નાયક સંઘના મુખી, સંઘના નાયક આદિ અનેક ઉપમાએ કરી બિરાજમાન હતા. પૂજ્યશ્રી ઈન્દ્રભૂતિ, અગ્નિભૂતિ, વાયુભૂતિ, વ્યક્ત, સુધર્મા, મૌર્યપુત્ર, અકંપિતજી, અચલભ્રાતા, મેતાર્ય અને પ્રભાસ આદિ ૧૧ ગણધર ભગવંતો. જંબુસ્વામી, પ્રભવસ્વામી, સ્વયંપ્રભસ્વામી, યુગભદ્રસ્વામી, સંભૂતિવિજયસ્વામી, ભદ્રબાહુસ્વામી, સ્થૂલિભદ્રસ્વામી, દેવર્ધિગણિ શ્રમાશ્રમણ આદિ પૂર્વધરો તથા ધર્મના શુદ્ધ સ્વરૂપને સમજાવનાર પૂજ્ય લવજીઋષી, ધર્મસિંહજી અને ધર્મદાસજી મહારાજ તથા તેની પાટાનુપાટે બિરાજમાન પૂજ્ય ડુંગરસિંહજી મહારાજ અજરામરજી મહારાજ આદિ મહાપુરુષો આલોવી પડિક્કમી નિંદી નિઃશલ્ય થઈને પ્રાયઃ દેવલોક પધાર્યા છે તેમનો ઘણો ઘણો ઉપકાર છે.

આજે વર્તમાનકાળે, તરણ તારણ, તારણી નાવ સમાન, સફરી જહાજ સમાન, રત્નચિંતામણી સમાન જિનશાસનના શણગાર, ધર્મના નાયક, સંઘના મુખી, સંઘના નાયક આદિ અનેક ઉપમાએ કરી બિરાજમાન જે જે આચાર્ય, ઉપાધ્યાયજીઓ વીતરાગ દેવની આજ્ઞામાં જ્યાં જ્યાં બિરાજતા હોય ત્યાં ત્યાં તેમને મારી તમારી સમય સમયની વંદના હોજો !

તે સ્વામી કેવા છે ? પંચ મહાવ્રતના પાલનહાર છે, પાંચ સમિતિએ અને ત્રણ ગુપ્તિએ સહિત છકાયના પિયર, છકાયના નાથ, સાત ભયના ટાળનાર, આઠ મદના ગાલણહાર, નવ વાડ વિશુદ્ધ બ્રહ્મચર્યના પાલનહાર, દશ વિધ યતિ ધર્મના અજવાળિક બાર ભેદે તપશ્ચર્યાના કરણાહાર, સત્તર ભેદે સંયમના ધરણહાર, બાવીસ પરિષહના જિંતણહાર, સત્તાવીશ સાધુજીના ગુણે કરી સહિત ૪૨-૪૭-૯૬ દોષ રહિત આહાર પાણીના લેનાર બાવન અણાચારના ટાળણહાર, સચેતના ત્યાગી, માયા મમતાના ત્યાગી સમતાના સાગર દયાના આગાર આદિ અનેક ગુણે કરી સહિત છે. ધન્ય સ્વામીનાથ આપ ગામ નગર પુર પાટણને વિષે વિચારો છે. અમે અપરાધી, દીનકિંકર ગુણહીન અહીં બેઠા છીએ. આજના દિવસ સંબંધી જ્ઞાન, દર્શન, ચારિત્ર તપને વિષે જે કાંઈ અવિનય, આશાતના, અભક્તિ, અપરાધ થયો હોય તો હાથ જોડી, માન મોડી, મસ્તક નમાવી ભુજો ભુજો કરી ખમાવું છું

.

*(અહીં તિખ્ખુત્તોનો પાઠ ત્રણ વખત બોલવો.)*

## પાંચમા ખામણાં

પાંચમા ખામણા સાધુ સાધ્વીજીઓને

પાંચમા ખામણા, પાંચ ભરત, પાંચ ઇરવત, પાંચ મહાવિદેહ અઢીદ્વીપ ક્ષેત્રને વિષે, બિરાજતાં સાધુ સાધ્વીજીને કરૂં છું તેઓ જઘન્ય હોય તો બે હજાર ક્રોડ સાધુ સાધ્વી અને ઉત્કૃષ્ટ હોય તો નવ હજાર ક્રોડ સાધુ સાધ્વી તેમને મારી તમારી સમય સમયની વંદના હોજો.

તે સ્વામી કેવા છે ? પાંચ મહાવ્રત પાલણહાર છે, પાંચ સમતિએ અને ત્રણ ગુપ્તીએ સહિત, છ કાયના પિયર, છ કાયના નાથ, સાત ભયના ટાળણહાર, આઠ મદના ગાળણહાર, નવ વાડ વિશુદ્ધ બ્રહ્મચર્યના પાલણહાર, દશ વિધ યતિ ધર્મના અજવાલિક, બાર ભેદે તપશ્ચર્યા કરણહાર, સત્તર ભેદે સંયમના ધરણહાર, બાવીસ પરિષહના જિતણહાર, સત્તવીશ સાધુજીના ગુણે કરી સહિત ૪૨-૪૭-૯૬ દોષ રહિત આહાર પાણીના લેવણહાર, બાવન અનાચારના ટાળણહાર સચેતના ત્યાગી, અચેત્તના ભોગી, કંચન કામિનીના ત્યાગી, માયા મમતાના ત્યાગી, સમતાના સાગર, દયાના આગર આદિ અનેક ગુણે કરી સહિત છે.

ધન્ય સ્વામીનાથ આપ ગામ, નગર, પૂર, પાટણને વિશે બિરાજો છો. હું અપરાધી દીન કિંકર ગુણહીન અહીં બેઠો છું. આજના દિવસ સંબંધી આપના જ્ઞાન, દર્શન, ચારિત્ર તપને વિષે જે કાંઈ અવિનય, આશાતના, અભક્તિ, અપરાધ કીધો હોય તો હાથ જોડી, માન મોડી, મસ્તક નમાવી ભુજો ભુજો કરી ખમાવું છું.

*(અહીં તિખ્ખુત્તોનો પાઠ ત્રણ વખત બોલવો.)*

*અને સાધુ સાધ્વીજી બિરાજતાં હોય તો તેમની પાસે જઈને નીચેની ગાથા બોલી ત્રણ વખત ઊઠ બેસની વંદના કરવી.*

સાધુ વંદે તે સુખીયા થાય, ભવોભવનાં પાતક જાય;
ભવ ધરીને વંદે જેહ, વહેલો મુક્તિમાં જાશે તેહ
ભુજો ભુજો કરીને ખમાવું, બે કર જોડી શીશ નમાવું;
તમે મુક્તિ જવાના છો કામી, વંદન કરીએ સિમંધર સ્વામી.

## છઠ્ઠા ખામણાં

છઠ્ઠા ખામણાં શ્રાવક શ્રાવિકાને

છઠ્ઠા ખામણાં અઢી દ્વીપ  માંહે સંખ્યાંતા, અઢી દ્વીપ બહાર અસંખ્યાતા શ્રાવક શ્રાવિકાજીઓને કરૂં છું. તે શ્રાવકજી કેવા છે.

હુંથી તમથી, દાને, શીલે, તપે, ભાવે ગુણે કરી અધિક છે, બે વખત આવશ્યક પ્રતિક્રમણના કરનાર છે, મહિનામાં બે, ચાર અને છ પોષાના કરનાર છે, સમકિત સહિત બાર વ્રતધારી અગિયાર પડિમાના સેવણહાર છે, ત્રણ મનોરથના ચિંતવનાર છે, દુબળા પાતળા જીવની દયાના આણનાર છે, જીવ અજીવ આદિ નવ તત્વના જાણનાર છે, એકવીશ શ્રાવકજીના ગુણે કરી સહિત છે, પરધન પથ્થર બરાબર લેખે છે, પર સ્ત્રી માત બેન સમાન લેખે છે, દ્રઢધર્મી, પ્રિયધર્મી, દેવતાના ડગાવ્યા ડગે નહિ એવા છે, ધર્મનો રંગ હાડહાડની મીંજાએ લાગ્યો છે, એવાં શ્રાવક શ્રાવિકા, સંવર, પોષા, પ્રતિક્રમણમાં બિરાજતાં હશે તેમને આજના દિવસ સંબંધી અવિનય, આશાતના, અભક્તિ, અપરાધ કર્યો હોય તો હાથ જોડી, માન મોડી, મસ્તક નમાવી ભુજો ભુજો કરી ખમાવું છું.

સાધુ સાધ્વીને વાદું છું, શ્રાવક શ્રાવિકાને ખમાવું છું, સમકિત દ્રષ્ટિ જીવોને ખમાવું છું, ઉપકારી ભાઈ બાઈને ખમાવું છું, માતાપિતાના જીવોને ખમાવું છું, ચોરાશી લાખ જીવયોનિના જીવને ખમાવું છું :

૭ લાખ પૃથ્વીકાય

૭ લાખ અપકાય

૭ લાખ તેઉકાય

૭ લાખ વાયુકાય

૧૦ લાખ પ્રત્યેક વનસ્પતિકાય

૧૪ લાખ સાધારણ વનસ્પતિકાય

૨ લાખ બે ઇંન્દ્રિય

૨ લાખ તે ઇંન્દ્રિય

૨ લાખ ચૌરેન્દ્રિય

૪ લાખ નારકી

૪ લાખ દેવતા

૪ લાખ તિર્યંચ પંચેન્દ્રિય

૧૪ લાખ મનુષ્યની જાતિ

એ ચોરાશી લાખ જીવાયોનિના જીવોને હાલતાં ચાલતાં ઉઠતાં બેસતાં જાણતાં અજાણતાં હણ્યા હોય હણાવ્યા હોય છેદ્યા હોય ભેદ્યા હોય પરિતાપના કિલામના ઉપજાવી હોય તો અરિહંત અનંતા સિદ્ધ ભગવંતની શાખે તસ્સ મિચ્છામિ દુક્કડં.

## ગાથા

ખામેમિ સવ્વે જીવા - *ખમાવું છું સર્વ જીવોને જે જે જીવોએ મારી અપરાધો કર્યા હોય તે બધા અપરાધો હું ખમું છું*

સવ્વે જીવાતિ ખમંતુ મેં - *સર્વે જીવો પણ મને ક્ષમા આપજો.*

મિત્તીમે સવ્વ ભૂએસુ વેરં મજ્ઝં ન કેણઇ *સર્વ જીવો સાથે મારે મૈત્રીભાવ છે. કોઈની સાથે મારે વેર નથી.*

એવં મહ્રં આ લોઇયં નિંદિર્યં ગરહિંય દુગંછિયં

*એ પ્રકારે હું આલોચના કરી, નિંદા કરી (ગુરુની સાક્ષીએ) વિશેષ નિંદા કરી દુગંછા કરી*

સવ્વ તિવિહેણં પડિક્કંતો - *સમ્યક પ્રકારે ત્રણ પ્રકારે (મન, વચન, કાયાએ) પ્રતિક્રમણ કરતો થકો*

વંદામિ જિણં ચઉવ્વીસ – *ચોવીસ જિનેશ્વર પ્રભુઓને વાંદુ છું*

ઇતિ અતિચાર આલોવ્યા, પડિક્કમ્યા નિંદા નિઃશલ્ય થયા વિશેષે અરિહંત, સિદ્ધ, કેવળી, ગણધરજી, આચાર્યજી, ઉપાધ્યાયજી, સાધુ સાધ્વી, ગુરુ આદિ ને ભુજો ભુજો કરી ખમાવું છું.

*અહીં ઇચ્છામિ ખમાસમણોનો પાઠ બે વખત ઊભડક બેસીને કહેવો પછી કહેવું –*

સ્વામિનાથ સામાયિક ૧, ચઉવ્વિસંથોર ૨, વંદના ૩ અને પ્રતિક્રમણ ૪ એ ચાર આવશ્યક પૂરા થયા તેને વિષે શ્રી વિતરાગદેવની આજ્ઞામાં કાનો માત્રા મીડું પદ અક્ષર ગાથા સૂત્ર ઓછું અધિક વિપરીત ભણાયું હોય તો અરિહન્ત અનંત સિદ્ધ ભગવાનની શાખે તસ્સ મિચ્છામિ દુક્કડં.

*(અહીં ઊભા થઈને વંદના કરી પાંચમા આવશ્યકની આજ્ઞા માંગવી.)*

## પાંચમો આવશ્યક

દેવસિયં – દિવસ સંબંધી
પ્રાયશ્ચિત – પાપના નિવારણની
વિશુદ્ધનાર્થં – વિશુદ્ધિ કરવા માટે
કરેમિ – કરું છું
કાઉસગ્ગં – કાઉસગ્ગ

*(અહીં 'નવકાર', 'કરેમિ ભન્તે', 'ઇચ્છામિ ઠામિ કાઉસગ્ગ' તથા 'તસ્સ ઉત્તરી' ના પાઠ કહેવા અને ત્યાર બાદ ધર્મધ્યાનનો અથવા 'ચાર લોગસ્સ' નો કાઉસગ્ગ કરવો, કાઉસગ્ગ પારીને એક લોગસ્સ કહેવો અને પછી ઊભડક બેસીને બે વખત 'ઇચ્છામિ ખમાસમણો' કહેવો.)*

સ્વામીનાથ સામાયિક ૧, ચઉવિસંથો ૨, વંદના ૩, પ્રતિક્રમણ ૪ અને કાઉસ્સગ ૫, એ પાંચ આવશ્યક પૂરા થયા, તેને વિષે શ્રી વીતરાગ દેવની આજ્ઞામાં કાનો, માત્રા, મીંડુ, પદ, અક્ષર, ગાથા સૂત્ર ઓછું અધિક વિપરીત ભણાયું હોય તો અરિહંત અનંત સિદ્ધ ભગવાનની શાખે તસ્સ મિચ્છામિ દુક્કડં.

## છઠ્ઠો આવશ્યક

છઠ્ઠો આવશ્યક

*(સાધુ સાધ્વીજી હોય, તો તેમને ત્રણ વખત ઊઠબેસની વંદના કરવી અને 'પચ્ચક્ખાણ કરાવશો' એમ વિનંતી કરવી અને પચ્ચક્ખાણ કરવા. સાધુ સાધ્વીજી ન હોય તો મોટા શ્રાવકને વિનંતી કરવી અને કોઈ ન હોય તો પોતાની મેળે નીચે મુજબ પાઠ બોલી પચ્ચક્ખાણ કરવાં.)*

ચઉવ્વિહં પિ – ચાર પ્રકારના

આહારં – આહારના

પચ્ચક્ખામિ – પચ્ચક્ખાણ કરૂં છું

અસણં – અન્ન

પાણં – પાણી

ખાઇમં – મેવો

સાઈમં – મુખવાસ

અન્નથણા ભોગેણં – અજાણતાં મુખમાં કોઇ વસ્તુ મૂકાઈ જાય તેની માફી

સહસા ગારેણં – બળાત્કારે કોઇ વસ્તુ નાખે તેના આગાર

સવ્વ સમાહિ – સર્વ પ્રકારે અસમાધિ થાય તો તેનો

વત્તીયા ગારેણં - આગાર

અપ્પાણં વોસિરામિ - અશુભ જોગમાં જતાં આત્માને દૂર રાખું છું

સ્વામીનાથ સામાયિક ૧, ચઉવિસંથો ૨, વંદના ૩, પ્રતિક્રમણ ૪ અને કાઉસ્સગ ૫, અને પચ્ચક્ખાણ ૬ એ છ આવશ્યક પૂરા થયા, તેને વિષે શ્રી વીતરાગ દેવની આજ્ઞામાં કાનો, માત્રા, મીંડુ, પદ, અક્ષર, ગાથા સૂત્ર ઓછું અધિક વિપરીત ભણાયું હોય તો અરિહંત સિદ્ધ ભગવાનની શાખે તસ્સ મિચ્છામિ દુક્કડં.

મિથ્યાત્વનું પ્રતિક્રમણ અવ્રતનું પ્રતિક્રમણ પ્રમાદનું પ્રતિક્રમણ કષાયનું પ્રતિક્રમણ અશુભ જોગવું પ્રતિક્રમણ એ સર્વ મળી ૮૨ બોલના પાંચ પ્રતિક્રમણ ૧૨૪ દોષ ટાળીને ન પડિક્કમાયાં હોય તેને વિષે અતિક્રમ વ્યતિક્રમ અતિચાર અણાચાર જાણતાં અજાણતાં કોઇ પણ જાતનાં પાપ દોષ લાગ્યો હોય તો અરિહંત અનંત સિદ્ધ કેવળી ભગવાનની શાખે તસ્સ મિચ્છામિ દુક્કડં

ગયા કાળનું પ્રતિક્રમણ, વર્તમાન કાળનો સંવર અને આવતા કાળના પચ્ચક્ખાણ તેને વિષે કોઇ પાપ દોષ લાગ્યો હોય તો અરિહંત અનંત સિદ્ધ ભગવાનની શાખે તસ્સ મિચ્છામિ દુક્કડં.

કરેમિ મંગલં મહા મંગલં મંગલં

*(અહીં ત્રણ નમોત્થુણ થઈથુ કહેવા) ત્યાર બાદ ૩ વખત 'તિક્ખુતો' બોલી નવકાર મંત્ર બોલવો.*

## -: પ્રતિક્રમણ સૂત્ર સમાપ્ત :-

# ધર્મધ્યાનનો કાઉસગ્ગ

સે કિં ત - શું છે તે
ધમ્મેજ્ઝાણે - ધર્મધ્યાન
ચઉવ્વિહે - ચાર પ્રકારના છે
ચઉપ્પડીયારે - તે દરેકના ચાર ચાર પડ ભેદ છે
પન્નતે તં જ્હા - તે આ પ્રમાણે પ્રરૂપ્યા
આણાય વિજએ - આજ્ઞાનો વિચાર ચિંતવવો
અવાય વિજએ - દુઃખનો વિચાર ચિંતવવો
વિવાગ વિજએ - જીવ સુખ દુઃખ શાથી ભોગવે છે ? તેનો વિચાર ચિંતવવો
સંઠાણ વિજએ - લોકના આકારનો વિચાર ચિંતવવો
ધમ્મસ્સણં જ્ઝાણસ્સ - ધર્મધ્યાનના
ચત્તારિ લક્ખણા - ચાર લક્ષણ
પન્નત્તા તં જ્હા - તે આ પ્રમાણે પ્રરૂપ્યા
આણા રૂઈ – આજ્ઞાની રુચિ
નિસગ્ગ રૂઈ - સત્યની સ્વભાવગત રુચિ
ઉવએસ રૂઈ - ઉપદેશની રુચિ
સુત્ત રૂઈ - સૂત્ર સિદ્ધાંતની રુચિ
ધમ્મસ્સણં જ્ઝાણસ્સ - ધર્મધ્યાનના
ચત્તારિ આલંબણા - ચાર આલંબના
પન્નત્તા તં જ્હા - તે આ પ્રમાણે પ્રરૂપ્યા
વાયણા - વાંચવું
પુચ્છણા - પૂછવું
પરિયટ્ટણા - શીખેલું સંભારવું
ધમ્મકહા - ધર્મ કથા કરવી
ધમ્મસ્સણં જ્ઝાણસ્સ - ધર્મ ધ્યાનની
ચત્તારિ અણુપ્પેહા - ચાર અનુપ્રેક્ષા (વિચારણા)
પન્નત્તા તં જ્હા - તે આ પ્રમાણે પ્રરૂપી
એગચ્ચાણુપ્પેહા - એકલાપણાનો વિચાર ચિંતવવો (એટલે કે આ સંસારમાં આ જીવ એકલો આવ્યો છે અને એકલો જવાનો છે.)

અણિચ્ચાણુપ્પેહા - અનિત્યપણાનો વિચાર ચિંતવવો કે સંસાર અનિત્ય છે વગેરે
અસરણાણુંપ્પેહા - અશરણપણાનો વિચાર ચિંતવવો (કે સંસારમાં કોઈ કોઈનું શરણ નથી વગેરે)
સંસારાણુપ્પેહા - સંસાર વિષે વિચાર ચિંતવવો (કે સંસાર કેવો વિચિત્ર છે વગેરે)
એ ધર્મધ્યાનનો સૂત્ર પાઠ કહ્યો, હવે તેના અર્થ કહું છું..

## ધર્મ ધ્યાનના પહેલા ચાર ભેદ :

ધર્મ ધ્યાન ના પહેલા ચાર ભેદ :
૧) આણાય વિજ્ચે
૨) અવાય વિજ્ચે
૩) વિવાગ વિજ્ચે
૪) સંઠાણ વિજ્ચે

પહેલો ભેદ આણાય વિજ્ચે:

આણાય વિજ્ચે, કેહતાં વીતરાગ દેવની આજ્ઞાનો વિચાર ચિંતવવો તે વીતરાગ દેવની આજ્ઞા એવી છે, કે સમકિત સહિત શ્રાવકનાં બાર વ્રત્ અગિયાર પડિમા, સાધુજીના પાંચ મહાવ્રત તથા બાર ભિક્ખુની પડિમા શુભ ધ્યાન, શુભ જોગ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને છકાય જીવની રક્ષા, એ વીતરાગ દેવની આજ્ઞા આરાધવી તેમાં સમય માત્રાનોં પ્રમાદ ન કરવો, ચતુર્વિધ સંઘના ગુણ-કીર્તન કરવા એ ધર્મધ્યાનનો પહેલો ભેદ કહ્યો

બીજો ભેદ અવાય વિજ્ચે:

અવાય વિજ્ચે કહેતાં, જીવ સંસારમાં દુઃખ શા થકી ભોગવે છે ? તેનો વિચાર ચિંતવવો. તેનો વિચાર એ છે કે, મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, અશુભજોગ, અઢાર પાપ સ્થાનક અને છકાય જીવની હિંસા, એથી કરીને જીવે દુઃખ પામે છે માટે એવું દુઃખનું કારણ જાણી એવો આશ્રવ માર્ગ છાંડી સંવર માર્ગ આદરવો, જેથી જીવ દુઃખ ન પામે, એ ધર્મધ્યાનનો બીજો ભેદ કહ્યો.

ત્રીજો ભેદ વિવાગ વિજ્ચે:
વિવાગ વિજ્ચે કહેતાં, જીવ સંસારમાં સુખ અને દુઃખ ભોગવે છે તે શા થકી ? તેનો વિચાર ચિંતવવો. તેનો વિચાર એ છે કે, જીવે જેવે રસે કરી પૂર્વે જેવાં શુભાશુભ જ્ઞાનાવરણીય આદિ, આઠ

કર્મ ઉપાર્જન કર્યા છે, તે શુભાશુભ કર્મના ઉદયથી, જીવ તે પ્રમાણે સુખ અને દુઃખ અનુભવે છે. તે અનુભવતા થકાં, કોઈ ઉપર રાગદ્વેષ ન આણી, સમતાભાવ રાખી, મન વચન કાયાના શુભ જોગ સહિત, શ્રી જૈન ધર્મને વિષે પ્રવર્તીએ, જેથી નિરાબાધ પરમ સુખને પામીએ, ધર્મધ્યાનનો ત્રીજો ભેદ કહ્યો.

ચોથા ભેદ સંઠાણ વિજ્યે:
સંઠાણ વિજ્યે કહેતાં, ત્રણ લોકના આકારનો વિચાર ચિંતવવો તે ત્રણ લોકના આકારનું સ્વરૂપ, સુપઈઠીક સરાવલાને આકારે છે. લોક જીવ, અજીવથી સંપૂર્ણ ભર્યો છે, અસંખ્યાતા જોજનની ક્રોડા ક્રોડી પ્રમાણે ત્રિછો લોક છે તેમાં અસંખ્યાતા દ્વીપ સમુદ્ર છે, અસંખ્યાતા વાણવ્યંતરનાં નગર છે અસંખ્યાતા જ્યોતિષીનાં વિમાન છે, તથા અસંખ્યાતી દેવતાની રાજધાની છે તેને મધ્યભાગે અઢી દ્વીપ છે, તેમાં જઘન્ય તીર્થંકર ૨૦ અને ઉત્કૃષ્ટા હોય તો ૧૬૦ અગર ૧૭૦, જઘન્ય બે ક્રોડા કેવળી અને ઉત્કૃષ્ટા નવ હજાર ક્રોડ સાધુ સાધ્વી હોય, તેમને "વંદામિ, નમંસામિ, સક્કારેમિ, સમ્માણેમિ, કલ્લાણં, મંગલં, દેવયં, ચેઈયં, પજ્જુવાસામિ" તથા ત્રિછા લોકમાં અસંખ્યાતા શ્રાવક શ્રાવિકા છે, તેમનાં ગુણ ગ્રામ કરવાં.

તે ત્રિછા લોકથી અસંખ્યાતા ગુણો અધિક (મોટા) ઉર્ધ્વ લોક છે. તેમા બાર દેવલોક, નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનો છે, તે સર્વમાં મળીને ૮૪,૯૭,૦૨૩ વિમાનો છે. તે ઉપર સિદ્ધ શિલા છે, ત્યાં સિદ્ધ ભગવંતજી, નિરંજન, નિરાકાર બિરાજી રહ્યા છે. તેમને "વંદામિ, નમંસામિ, સક્કારેમિ, સમ્માણેમિ, કલ્લાણં, મંગલં, દેવયં, ચેઈયં, પજ્જુવાસામિ."

તે ઉર્ધ્વ લોકથી કાંઈક વિશેષ અધિક (મોટા) અધોલોક છે, તેમાં સાત નરકના ચોરાશી લાખ નરકવાસા છે, સાત ક્રોડ બહોંતેર લાખ ભવનપતિના ભવન છે.

આવા ત્રણે લોકનાં સર્વસ્થાનક, સમકિત સહિત કરણી વિના, આ જીવે, અનંતી અનંતી વાર, જન્મ મરણે કરી ફરસી મુક્યા છે. તો પણ આ જીવનો, સંસારનો પાર આવ્યો નહિ એવું જાણી સમક્તિ સહિત સૂત્ર (જ્ઞાન દર્શન) અને ચારિત્ર ધર્મની આરાધના કરવી. જેથી અજર અમર નિરાબાધ પરમ સુખને પામીએ. એ ધર્મધ્યાનનો ચોથો ભેદ કહ્યો.

---------------------------------